Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४८ भाद्रपद. आत्म सं. २७ | अंक २ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ હૃદયશુદ્ધિ–ક્ષમાયાચના. | ...૨૯ |
| ૨ ક્ષમાપના. | ૩૦–૩૭ |
| ૩ પર્યુષણા–મહોત્સવ. | ...૩૦ |
| ૪ આ તે કેવો અજ્ઞાન વેપાર? | ...૩૧ |
| ૫ સમ્યગ્દર્શન | ...૩૩ |
| ૬ યુવાવસ્થાને! | ...૪૧ |
| ૭ તિર્થંકર [illegible] ૪૨ વાના હેતુઓ | ...૪૮ |
| ૮ એજ્યુકેશન બોર્ડ–ધાર્મિક પરિક્ષાનું પરિણામ. | ...૫૨ |
| ૯ ગ્રંથાવલોકન. | ...૫૩ |
| ૧૦ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિનો સ્વર્ગવાસ. | ...૫૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તૈયાર છે. જલદી મંગાવો."

## શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દૃષ્ટિ ફેંકી જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બતાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષા માટે પોતાની અપુર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે. તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાય છે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ સાહિત્યનું પણ ભાન થાય છે. સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઉંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇંડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે. તે નાટકો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ દ્રૌપદી સ્વયંવર નાટક | ૦-૪-૦ | ૪ પ્રબુદ્ધ રૌહિણેય નાટક | ૦-૬-૦ |
| ૨ કૃષ્ણુવજ્રાયુધ નાટક | ૦-૪-૦ | ૫ ધર્માભ્યુદય નાટક | ૦-૬-૦ |
| ૩ કૌમુદી મિત્રાનંદ નાટક | ૦-૮-૦ | ( પોસ્ટેજ જુદું ) | |

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

---

જલદી મંગાવો. માત્ર થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે **૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ** તે આ ત્રણે ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઇનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ-પાકી કપડાની બાઇડીંગ રૂા. ૦-૮-૦ આઠ આના.
કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦-૬-૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઇડીંગની માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇડીંગના માત્ર રૂા.૦-૫-૦ પાંચ આના (પો. જુદું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः ।

पुस्तक २० ] वीर संवत् २४४८ भाद्रपद. आत्म. संवत् २७. [ अंक २ जो.

ॐ

## हृदय शुद्धि—क्षमा याचना.

ધર્મવીર મહાશય !

આપણે મહાન્ પર્વ પર્યુષણમાં આત્મશુદ્ધિ નિમિત્તે શાસ્ત્ર વિહિત તપ-જપ-દાન-ધ્યાન-જિનરાજ પૂજન-શાસ્ત્ર શ્રવણ-ધર્મપ્રભાવના-અમારી ઉદ્ઘોષણ-સ્વામી વાત્સલ્ય ચૈત્ય પરીપાટી અને વાર્ષિક પ્રતિક્રમણ એ આદિ અનેક સુકૃત્ય કરી માનવ જન્મની સાફલ્યતા માનીએ છીએ—

છતાં જ્યાંસુધી કરેલા અપરાધની પશ્ચાત્તાપ પૂર્વક અન્તઃકરણથી " ક્ષમા "ની આપલે ન થાય, ત્યાંસુધી આરાધકપણાનો સ્વીકાર કરવો એ વૃથા છે.

પશ્ચાત્તાપ પૂર્વક યાચેલી ક્ષમા હૃદય પવિત્ર કરવા માટે ખરેખર સ્વર્ગીય વિપુલ ઝરણું છે. !! જેમકે—

બહુવિધ વાર્ષિક પર્વમાં આલોચના કૃત કર્મની,
કરીએ ગૃહી ફરમાન જાણો રીતિ આત્મિક ધર્મની;
મન વચન કાય થકી કર્યાં દુષ્કર્મ દુષ્ટ નિવારવા,
સાચું "ક્ષમા" અર્પો ભવિ ! નિજ આત્મ જ્યોત સુધારવા.

વીરાબ્દ ૨૪૪૮ પર્યુષણા. } રા. રા. વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમાપના.

( રાગ:-ઓધવજીના સંદેશાનો. )

નવરંગી મનવાની કરણી ભાળવા,
 સ્મૃતિ પંથે અનુભૂત વહ્યો હું દેશ જો;
દીઠાં ત્યાં દુહવાએલાં દિલડાં પ્રભો !
 કોઇ વિયોગે રડતાં તે વ્હાલેશ જો-નવરંગી.
કોઇ નિજ મન વર્તુલમાં ફરતાં ચહે
 બીજાં મનનો પણ તેમાં સંચાર જો !
મુજ મનડું ત્યાં ચાલ્યું પણ નવ ઠેરીયું,
 તેથી તૂટયો તે વ્યક્તિ સહ તાર જો-નવરંગી.
કોઇ પ્રસંગે વેધાળાં વચણો વતી.
 વીંધાએલું હૃદય નિહાલે દાવ જો !
સિંહાવલોકન ભાળ્યું એની આંખમાં.
 તેથી ડરતું આજે ઉર પસ્તાય જો-નવરંગી.
જીવન બિન અપરાધી જીવોનું કંઇ,
 લૂટયું મેં આ ગંદી કાયા કાજ જો !
સુખ તો મૃગજળ જેવું રહ્યું તે વેગળું,
 દંશ રહ્યો આ ઉંડા ઉરની માંહ્ય જો-નવરંગી
એમ ત્રિવિધ યોગોની વીતી વાતડી
 દાખી ને હું યાચું સહુની પાસ જો !
વ્હાલાને છો વ્હાલીડાના વારસો,
 અર્પી માફી કરશો મુજ ઉર વાસ જો-નવરંગી

મુનિ મુસાફર (કચ્છી).

ૐ

# पर्यूषणा-महोत्सव

( ૧ )

પર્વાધિરાજ ગણાય આ પર્યૂષણા સત્ શાસ્ત્રથી,
અષ્ટાન્હિકા ઉત્સવ કરો ઉત્કૃષ્ટ આત્મિક ભાવથી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ જપ અને જિનરાજ પૂજા કલ્પ સૂત્ર શ્રવણ યથા,
ત્રિવિધ ધર્મ પ્રભાવના વાત્સલ્ય સ્વામીનું તથા.

( ૨ )

ઉદ્દઘોષણાજ અમારીની પ્રતિક્રમણ વાર્ષિક નેમથી,
મન વચન કાય થકી કરો ગુરૂ સાખ ધાર્મિક પ્રેમથી;
મૈત્રી પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ્ય ભાવ વિચારતા,
પ્રાણી સકલ છે આત્મવત્ સ્યાદ્વાદ દૃષ્ટિ સ્થાપતા.

( ૩ )

દુષ્કૃત્ય મિથ્યા આપણા ગત વર્ષના એ રીતથી,
કરીએ પરસ્પર ભ્રાત હે ! આત્મિક સહજ સ્વભાવથી;
પર્યૂષણા એ વિધથી આરાધજો ભવિજન તમે,
ઉપદેશ "આત્માનંદ"નો રસ પાન અમૃત સમ ગમે.

દાદાણી બિલ્ડિંગ
મુંબઇ

રા. રા. વેલચંદ ધનજી.

# આ તે કેવો હાસ્યજનક અજ્ઞાન–વ્યાપાર ?

## ( તે દૂર કરવા માટે આક્ષેપ. )

૧ વાતો મોટી મોટી કરવી અને કામ કોડીનુંયે કરવું નહીં.

૨ જે દેવ ગુરૂને નમવું-વંદવું કે સ્તવવું તેનેજ પુંઠ દઇને ચાલવું અને તેમના અમૃત જેવા હિત–ઉપદેશનો અનાદર કરી સ્વેચ્છાચારે મોકળા મ્હાલવું.

૩ પૂજા ઠાઠ માઠથી કરવી ને પૂજ્ય પ્રભુના હિતવચનની અવગણના કે ઉપેક્ષા કરી આપમતે ચાલવું.

૪ પ્રભુ પાસે પવિત્ર દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નત્રયની માગણી કરવી ને એક લેશ માત્ર પાત્રતા સંપાદન કરવા ખંત કે લાગણી ન રાખવી,

૫ ધર્મી, ન્યાયી, નીતિવંત અને પ્રમાણિકમાં ખપવા ડોળ–દેખાવ કરવો ને માર્ગાનુસારીપણાના ૩૫ લક્ષણોમાંનું એક પણ લક્ષણ ન ધારવું.

૬ બીજાની લગરીક ભૂલ જોઇ ભ્રકુટી ચડાવવી, ખીજવાઇ જઇ તેને ઉતારી પાડવા તલપાપડ થઇ જવું, ને પોતાનામાં ડુંગર જેવી ભૂલનીયે ઉપેક્ષા કર્યા કરવી, નિજ ભૂલ ભાંગવા–સુધારવા કશી કાળજી કરવી નહીંને કદાચ કોઇ હિતસ્વીપણે આપણી ભૂલનું ભાન કરાવે તો તેના સામે ઉલટા ઘુરકીયાં કરી તેને કલેશ ઉપજાવવામાં કે તોડી પાડવામાં મોટાઇ ને ચતુરાઇ માનવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ પાપી પેટને પોષવા કે કુટુંબનું પાલન પોષણ કરવાના મિષે કંઈક પ્રકારના કાવા દાવા-કાળાં ધોળાં કરવાં અને ટીલાં-ટપકાં ઉપરથી કરી ઠગ ભક્તાઈમાં અવતાર પૂરો કરવો. જ્યારે બીજા કોઈમાં જરા જેટલી ભૂલ જોવામાં-જાણવામાં આવી કે તેની નિંદા-ટીકા કરવા ઉતરી પડવું, જાણે કે પોતે કદાપિ કશી ભૂલ કરતો જ ન હોય અને બીજાની ભૂલ પોતાથી સહન થઈ શકતી ન જ હોય, તેથીજ આ બધો બળાપો કરતો હોય.

૮ પરદુ:ખભંજક થવાને બદલે વિઘ્નસંતોષી થવું.

૯ સહુ સાથે મૈત્રીભાવ ( ભાઇચારો ) રાખવાને બદલે વેર-વિરોધ ને કલેશ કુસંપનાં ઝેરી બીજ વાવવાં.

૧૦ અન્યને સુખી કે સદ્ગુણી દેખી દીલમાં રાજી-આનંદિત-પ્રમુદિત થવાને બદલે ઉલટો બળાપો કરવો, અન્યનું સારૂં જોઈ, શુદ્ધભાવે સારાનું અનુકરણ કરી સારા થવાને બદલે સારૂં જોઈનેજ ખેદાવું, તેમનું નબળું ઇચ્છવું અને તેમાંજ રાજીપો માનવો.

૧૧ કોઇ દીન-દુ:ખી-નિરાશ્રિત અપંગાદિકનું દુ:ખ દેખી હરેક પ્રયત્ને તે દૂર કરવા મથવાને બદલે તેના દુ:ખમાં ઓર વધારો થાય એવાં કડવાં માર્મિક વચનો કહી સજ્જનતાને બદલે દુર્જનતા દાખવવી-પ્રગટ કરવી.

૧૨ નીચ, નાદાન, નિંદકાદિક, અધમ કોટિના જીવો પણ કોઈ રીતે ઠેકાણે આવે એવી ભાવદયાથી પ્રેરાઇ, શુભ ઉપાય કરવા છતાં વિપરીત પરિણામ આવતું જણાય તો અસાધ્ય રોગવાળાનો જેમ કુશળ વૈદ્ય ત્યાગ કરે છે તેમ તેનો ત્યાગ (ઉપેક્ષા) કરી સ્વહિત સાધનમાં તત્પર રહેવાને બદલે તેવા નીચ જીવોની સાથે સ્વેચ્છાચારે રહેવું.

૧૩ પોતાનો તુચ્છ ને કલ્પિત સ્વાર્થ સાધવા જતાં અન્ય કંઈક જનોને થતા પારાવાર નુકશાનની કશી દરકાર ન કરવી.

૧૪ મિષ્ટ ભાષણ કરવાને બદલે કદી ન રૂઝાય એવા માર્મિક વચનોના પ્રહાર કરવામાં કચાશ ન રાખવી.

૧૫ વિશ્વાસે મૂકેલી પારકી થાપણને ઓળવી ઉચાપત કરી જવી અને ઉજળા લુગડાં પહેરી શાહુકારમાં ખપવું.

૧૬ શ્રાવકના કુળમાં જન્મ લીધા છતાં શુદ્ધ શ્રદ્ધા, વિવેક અને કરણીનો છાંટો સરખો અડવા ન દેવો; હોય તે પણ ભૂંસી નાંખવો.

૧૭ આચાર શુદ્ધિ સાચવવાને બદલે આચાર ભ્રષ્ટતાના નમુનારૂપે નિર્લજ્જ બની સાંઢની પેઠે સ્વચ્છંદે મ્હાલવું છતાં મીયાંજીની ટંગડી ઉંચીને ઉંચીજ રાખવી.

ઇતિશમ્. લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમ્યગ્ દર્શન.

લે–શ્રીયુત્ અધ્યાયી.

સત્યની પ્રાપ્તિ એ દર્શન રૂપે હોય છે, એક દષ્ટિ વિશેષની પ્રાપ્તિ રૂપે હોય છે એ દર્શન થયા પછી મનુષ્યનું પૂર્વ રૂપ બદલાઇને તે એક નવીન સૃષ્ટિનો નિવાસી બને છે. સમ્યક્ એટલે યથાર્થ રૂપે, સત્યરૂપે, જે રૂપે પદાર્થની સ્થિતિ છે તે રૂપે. આત્માનું દેહ, મન ઈન્દ્રિયાદિકથી ભિન્નપણું, પરમાત્માની સાથે તે તેનો અવિછેદ્ય સબંધ, અમરત્વ આદિ ગુણોનું દર્શન થઈ તે ભાનપણે પરિણમવું એ સત્ય દર્શન અથવા સમ્યગ્ દર્શન છે. આ દર્શન માત્ર શ્રદ્ધા રૂપે, અથવા બુદ્ધિની પ્રતીતિ રૂપે નહી, પણ ભાન (Consciousness) રૂપે હોય તોજ તે સમ્યગ્ દર્શન ગણી શકાય. આવા પ્રકારની ભાનવાળી સ્થિતિ એ આત્માનો નવો જન્મ છે. આ સ્થિતિ પૂર્વેનું મનુષ્યનું મનુષ્ય તરીકેનું જીવન મિથ્યા છે, તેથી તે અવસ્થાને આપણા શાસ્ત્રકારો-એ મિથ્યાત્વનું ગુણસ્થાનક કહી સંબોધ્યું છે. ઈંડાના ખોખામાં બંધાઇને રહેલું પક્ષી, અને તે ખોખાથી મુક્ત થઈ મુક્ત ગગનમાં વિહાર કરનારૂં પક્ષી, એ જેમ જુદીજ સૃષ્ટિના પક્ષીઓ છે, તેમ સમ્યગ્ દર્શન વિનાનું મનુષ્ય જીવન અને તેની પ્રાપ્તિવાળું મનુષ્ય જીવન, એ પણ છેકજ જુદા પ્રકારની સૃષ્ટિઓ છે. એકનું જીવન અંધકારમાં છે, અન્યનું જીવન પ્રકાશમાં છે. એકના જીવનની રસમયતા ભૌતિક પદાર્થો ઉપર અવલંબીને રહેલી હોય છે, બીજાના જીવનની રસમયતા આંતરિક જીવનની ઉચ્ચતા, મહત્તા ઉપર નિર્ભર હોય છે. ઉભયના સુખ દુખો, સબંધો, વ્યવહારો, કર્તવ્યો આદિના ધોરણો જુદા પ્રકારના હોય છે. જેમ મનુષ્યોની સૃષ્ટિ અને દેવોની સૃષ્ટિમાં આપણે તફાવત સમજીએ છીએ, તેવોજ તફાવત મનુષ્યના સ-મ્યગ્ દર્શન હીન અને સમ્યગ્ દર્શન પ્રાપ્ત જીવનમાં હોય છે. જીવનનો આ ભેદ બાહ્ય સૃષ્ટિ ઉપર નહી, પણ આંતર સૃષ્ટિને ઉદ્દેશીને હોય છે. ઉભયનું જીવનક્ષેત્ર એકજ છતાં, ઉભયનો વ્યવહાર એકજ સરખો ભાસ્યમાન છતાં, તેમાં એટલો બધો ભેદ હોય છે કે તે ભેદ સ્થૂળ સૃષ્ટિના આત્માઓને લક્ષમાં ન જ આવી શકે. આ ભેદના સ્વરૂપ વિષે અમે અલ્પ વિવેચન કરી તેના ઉપર પ્રકાશનું એક મંદ કિરણ ફેંકીશું.

સમ્યગ્ દર્શનનું પ્રથમ લક્ષણ એ છે કે તેની પ્રાપ્તિ થયા પછી મનુષ્ય તેની વાસનાઓની પ્રવૃત્તિની આધીનતા ત્યાગીને ધર્મ અને ઇશ્વરની આધીન-તાનો સ્વીકાર કરે છે. પાપના બધા સ્થાનકો ઉપર પીઠ ફેરવી તેનું મુખ નિરંતર ઇશ્વર ભણી રાખી ઉભો રહે છે.

જે જે વિચારો, ભાવનાઓ, કાર્યો અને પ્રવૃત્તિઓ તેને ધર્મ અને ઇશ્વરથી વિમુખ કરનારી છે, તેને પડછાયે તે ઉભો રહેતો નથી. જ્યાં મનુષ્ય જીવનના ઉચ્ચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તમ આશયોની સિદ્ધિ હોય છે, દૈવી શક્તિઓને ચરિતાર્થ કરવાને યોગ્ય ક્ષેત્ર હોય છે, ત્યાંજ તેનો નિવાસ હોય છે. મનુષ્ય જીવનનો આ ફેરફાર કાંઇ સામાન્ય ફેરફાર નથી. તે એક મહાન્ પરિવર્તન છે. નવો અવતાર છે, આત્મા પોતાને પોતાની વાસનાઓના હાથમાં સોંપી દઇને પોતાની કેવી દુર્દશા કરી મુકે છે, તેની આધીનતાથી મનુષ્યો કેવું દુઃખ વ્હોરી લે છે, તે આપણે નિરંતર અનુભવીએ છીએ.

માનવ સંસારમાં દાવાનળની માફક દુઃખનો જે મહા અગ્નિ ચોતરફ ભભૂકી રહેલો આપણે ભાળીએ છીએ, તે શું ઘણે અંશે મનુષ્યનો પોતાનો સળગાવેલો નથી ? ખરૂં છે કે જરા, મરણ, રોગ, શોક, વિગેરે સ્વાભાવિક અને અપરિહાર્ય દુઃખો આપણે પોતે ઉપજાવ્યા નથી અને ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તેમાંથી ભાગી છુટવાનો માર્ગ નથીજ. પરંતુ હાય ! જાણે કે મનુષ્યને દુઃખની આટલી માયાથી સંતોષ ન હોય, તેમ તે વાસનાઓની આધીનતાથી નિરંતર નવાનવા દુઃખોની પરંપરાને ઉપજાવ્યે જાય છે. ચિતા સળગાવીને, પવન નાંખીને, દુઃખના અગ્નિને તે વધારે ને વધારે બળવાન બનાવે છે. હૃદયની નિકૃષ્ટ પ્રવૃત્તિઓને વશવર્તી બની તે યંત્રણાની ભઠ્ઠીમાં સળગે છે અને તેની આસપાસના મનુષ્યોને પણ સળગાવે છે. આ ભઠ્ઠીનું બળતણ આત્મા પોતેજ પોતાની વાસનાઓથી પુરૂં પાડે છે. જરા નજર ફેરવી જુઓ, ચોતરફ કેટલો હાહાકાર ! કેટલો આર્તનાદ ! વૈર, વિદ્વેષ, અત્યાચાર, પશ્ચાતાપ, દૃષ્ટિગોચર થાય છે !

જુઓ, આ રસ્તે જતાં કમનસીબ યુવાન તરફ. તે ભાગ્યેજ પંદર વીશ રૂપીઆ મહીને કમાય છે. તનતોડ મહેનત કરવા છતાં, સંસાર ચલાવવા જેટલું તે મેળવી શકતો નથી. સ્ત્રી અને બાળકો અર્ધ નગ્ન અને અર્ધ ભૂખ્યા રહે છે, પણ તેટલા દુઃખથી તેને સંતોષ નથી. હમણાં હમણાં તે દારૂ પીવાની લતમાં પડ્યો છે અને તેના પરિણામે બીજા પણ અનેક આનુષંગિક પાપના આચરણો સેવે છે. ઘરે જઇને તે હમેશ પોતાની પત્નીને મારીને અધમુઇ કરે છે. છોકરાને અન્ન વસ્ત્ર હીન બનાવી રસ્તા ઉપર ફેંકી દે છે. પાડોશીને ત્રાસ પમાડ્યા કરે છે. આ દૃશ્ય જોઇને કોની ચક્ષુમાં જળ નથી આવતું ? તેણે પોતાના આત્માને અંધ વાસનાઓના હાથમાં સોંપ્યો છે, અને બદલામાં પોતાનો સર્વનાશ મેળવ્યો છે.

સ્વેચ્છાચાર અને અંધ પ્રવૃત્તિઓને આધીન થવું એ પોતાના આંગણામાં બાવળનું વૃક્ષ રોપવા જેવું છે. પોતાના કષ્ટના ઉપાદાનોનો કાળજી પૂર્વક સંચય કરવા તુલ્ય છે. સમ્યગ્દર્શી આત્માઓની એ દૃઢ પ્રતિજ્ઞા હોય છે કેઃ—" હું વાસનાઓનું દાસત્વ સ્વીકારીશ નહી. જે ધર્મ સેતુસ્વરૂપ બનીને આત્મા અને વિશ્વને ધારણ કરી રાખે છે, જેમાં હું પણ સ્થિતિ પામીને રહ્યો છું, તે ધર્મના હસ્તમાં હું મારી જાતને અર્પણ કરીશ. હું પાપ, અધર્મ, અનિષ્ટ અને અકર્તવ્યનું સેવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી કરૂં." આવી પ્રતિજ્ઞાને ધારણ કરનાર અને અડગ ધૈર્ય અને હૃદય-બળથી તેને નિભાવનાર આત્મા શું નવો અવતાર પામ્યો ન ગણાય ? વાસનાઓના પાશથી મુક્ત બની ધર્મ અને ઇશ્વરના હસ્તકમાં અર્પિત થનાર આવો આત્મા નવા જગત્‌માં પ્રવેશ કરે છે. આવા સમ્યગ્દર્શી આત્માઓનું જગત્ પણ જુદું જ હોય છે.

સમ્યગ્ દષ્ટિ, ધર્મ દષ્ટિ અગર સત્ય દષ્ટિ-ગમે તે નામથી સંબોધો. તે ખુલે નહી અને જ્યાં સુધી તે મિથ્યાત્વના અંધકારમાં હોય છે ત્યાં સુધી આત્મા ભૌતિક પદાર્થોને સારવાન અને અમૂલ્યવાન ગણી તેની સાથે કામ લે છે. સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી એ સારવાનપણું અને મૂલ્યવાનપણું લોપ પામી જાય છે.

સમ્યગ્દષ્ટિ એ એક નવીન સૃષ્ટિ છે, અલંકાર, રૂપક, અગર વાણીના વિલાસ રૂપે નહી, પણ વાસ્તવમાંજ એ એક નવીન સૃષ્ટિ છે, ત્યાંનું જ્ઞાન, ધ્યાન, ભોગવિલાસ, સબંધો એ બધા જુદા પ્રકારના હોય છે, જેના હૃદયમાંજ એ દષ્ટિનો પ્રકાશ છે, તે હૃદય તેની આસપાસના હૃદયો કરતાં જુદાજ પ્રકારનું જીવન અનુભવે છે.

આત્મા પોતાની મિથ્યાત્વ દશામાં જે પદાર્થોને સારવાન અને કીમતી ગણતો હતો, તે પદાર્થો તેની સમ્યગ્-દર્શન પ્રાપ્ત અવસ્થામાં તેને અસાર ભાસે છે અને મનની જે ઉચ્ચ અવસ્થાઓના અસ્તિત્વને તે પ્રથમ એક સ્વપ્ન જેવી રૂપરેખાહીન, કલ્પના જેવી ગણતો તે તેને ખરેખર સારવાન જણાય છે. તેની મિથ્યાત્વ અવસ્થામાં તે એમ માનતો કે આ જગતમાં ચોતરફ એક કઠોર નિષ્ઠુર શક્તિની અંધ ક્રીડા ચાલી રહી છે. તેમાંથી પોતાને બચાવી લઇ, દરેક પ્રકારે પોતાનું સુખ (આ લોક અને પરલોકનું ) પાકે પાયે સાધી લેવું એજ પોતાનો ધર્મ છે; સમ્યગ્ દર્શન પ્રાપ્ત અવસ્થામાં તે અનુભવે છે કે એક પરમ કારૂણિક મહાસત્તા અંતર અને બહાર, જડ અને ચેતનમાં ઓતપ્રોત થઇને અનંત વિશ્વનો નિર્વાહ કરી રહી છે, અને પ્રાણીમાત્રને તે સત્તા પોતાના આશ્લેષમાં રાખી તેનું કલ્યાણ, અને વિકાસ સાધ્યે જાય છે. સમ્યગ્ પ્રાપ્ત આત્માના સુખ દુ:ખો પણ જુદાજ પ્રકારના હોય છે. સંસારની અંધ પ્રવૃતિમાં જ્યાં સુધી તે હતો, ત્યાં સુધી તેના સુખનો આધાર ધન, માન, લાભ, ઐશ્વર્ય આદિ ઉપર હતો. તે બધું આવી મળે તો તેનું હૃદય સોળકળાએ ખીલી ઉઠતું અને તેના અભાવે તે પામર, દુખી, દીન, હીન, દરિદ્ર બની જતો, તેના જીવનનું મંડાણ એ ઐહિક, ભૌતિક પદાર્થો ઉપર હતું, અને જીવનમાં કાંઇ રસ કસ હોય, જીવનનું કાંઇ ઉપાદાન હોય તો તે માત્ર એ બાહ્ય સામગ્રી જ હતી, પરંતુ જ્યારે તે મિથ્યાત્વનો લોપ થઇ તેની દૃષ્ટિમાં સમ્યકત્વ પરિણમે છે, ત્યારે તેના સુખ દુખના પૂર્વના નિમિત્તો અને ઉપાદાનો બધા બદલાઇ જાય છે. હવે એ પદાર્થો પ્રત્યે તેની દષ્ટિ મોહભરી હોતી નથી. સમ્યગ્દષ્ટિસંપન્ન આત્માના સુખનો આધાર કાંઇ બીજીજ વસ્તુઓ ઉપર હોય છે. પોતાના ચારિત્રથી, સદગુણોના અનુશીલનથી, જ્યારે તે પોતાના હૃદયમાં બિરાજી રહેલા પ્રભુને પ્રસન્ન કરી શકે છે, પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તની વિશુદ્ધતા સાધીને જ્યારે તે અંતરસ્થિત પરમાત્મસત્તાનો ધન્યવાદ મેળવી શકે છે, ત્યારે તે એક અપાર સુખના મહા સમુદ્રમાં નિમગ્ન બને છે. એ સુખની સાથે આપણા ભૌતિક સુખોનો મુકાબલો કરવાનો પ્રયત્ન કરવો તે વાણી અને લેખનનો ગેરઉપયોગ છે; સમકિતી આત્મા જ્યારે પોતાના હૃદયસ્થિત પ્રભુના આદેશને અનુસરી શકે છે, ત્યારે તે અનુસરણની ક્રીયામાં જ એક અદૃશ્ય સુખનો તે ભોક્તા હોય છે, સમકિતી આત્માનું સુખ જેમ મહાન છે તેમ તેનું દુઃખ પણ તેવુંજ મહાન હોય છે; જ્યારે તેના ચિત્તની પવિત્રતામાં વિકાર થાય છે, તે હૃદયસ્થિત ઇશ્વરની આજ્ઞાનો અનાદર કરે છે, અને વાસનાના પ્રાબલ્યથી તેના વિવેકનો પ્રદીપ મંદ પડે છે ત્યારે તેના અંતરમાં અસહ્ય યાતના થાય છે. એ વખતે જે યાતના સમકિતી અનુભવે છે તેનું પ્રમાણ ધન, માન, ઐશ્વર્યની હાનિથી પ્રાકૃત જનોને થતા દુઃખ કરતાં અનેકગણું વધારે હોય છે. લોભી જેમ પોતાના જીવથી પણ દ્રવ્યને વધારે કીમતી ગણે છે, તેમ સમકિતી આત્મા પોતાના આંતર ધનને એટલે કે ચરિત્રને જીવનનો સાર ગણે છે.

મિથ્યાત્વ દશામાં તે પોતાનું પોષણ એકલા અન્નથી થતું માનતો, સમકિત પ્રાપ્ત અવસ્થામાં તે એકલા શરીરની પુષ્ટિ ભણીજ દૃષ્ટિ રાખતો નથી. સ્થૂળ જીવનની કીમત તેને પોતાના આંતર જીવન કરતાં ઘણી ગૌણ ભાસે છે અને જેટલે દરજ્જે તેની સ્થૂળ સામગ્રી તેના આંતર જીવનને પુષ્ટી કરનારી હોય તેટલે દરજ્જે જ તેની ઉપયોગિતા તેને સમજાય છે. પ્રથમ તે વિષયોની જ ચિંતામાં નિમગ્ન હતો, સ્વાર્થસિદ્ધિની આશાજ તેને ઉત્સાહ અને બળ આપતી, અને બાહ્ય ઉપકરણો વધારવામાંજ તેનું મન રોકાએલું રહેતું; પરંતુ હવે તે બધું તેને બહુ ઉપયોગી જણાતું નથી. એ બહારની સામગ્રી તેના આંતર જીવન માટે આવશ્યક હોય તેટલા પુરતીજ તેની દરકાર તે રાખે છે. હવે તેનું મુખ્ય ધ્યાન, પ્રધાન ચિંતા, અને બળવાન પુરૂષાર્થ એક બીજી જ વસ્તુ માટે હોય છે; તે વસ્તુ કઇ ? પ્રત્યેક મનુષ્યના હૃદયમાં નિવાસ કરી રહેલા સત્યસ્વરૂપ પરમાત્માની સાથે પોતાનો યોગ સિદ્ધ કરવો તે. એ પરમ સત્યનુંજ અનુધ્યાન, અનુસરણ અને અનુશીલન એ તેનાં મનની મુખ્ય વૃત્તિ અને જીવનની પ્રધાન પ્રવૃત્તિ હોય છે. સમ્યકત્વના મહારાજ્યમાં આત્માને કોઇ પુષ્ટીકર પદાર્થ હોય તો તે ઘી દુધ અને સાકર નહી, પરંતુ સત્ય સ્વરૂપ સાથેના સંબંધની સિદ્ધિ છે.

સમ્યકત્વની ભૂમિકામાં સબંધો અને સગપણો પણ નવા હોય છે. પ્રથમ તે જેની સાથે મૈત્રીભાવ રાખતો તે બધા તેનાથી હવે દૂર ચાલ્યા ગયા હોય છે અને દૂર હતા તે નિકટ આવતા જાય છે. મિથ્યાત્વ દશામાં જ્યારે તેના જીવનનું પ્રધાન લક્ષ્ય વિષયસંપત્તિ તરફ હતું, ત્યારે તેના મિત્ર વર્ગમાં જુદીજ પ્રકૃતિના પુરૂષો હતા. જેના સહવાસ અને સહાયથી તે પૈસા કમાઇ શકતો, જેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિચયમાં તે અમન ચમન અને આમોદ પ્રમોદ મેળવી શકતો, તેનેજ તે પોતાના આત્મીય ગણતો, તેની પ્રીતિ ઢોળાવાના સ્થાનો એવા હતા કે જ્યાં તેનો લૌકિક સ્વાર્થ હતો, સમ્યકત્વ પ્રાપ્ત આત્માની પ્રીતિ અર્પાવાનું સ્થાન બીજુંજ હોય છે. જેમણે પરમાત્માના ચરણનો આશ્રય મેળવ્યો હોય છે, તેમના પ્રત્યે તેનું હૃદય જોડાયેલું રહે છે. રકતના સબંધો કરતાં પણ તેનો ભકતજનો સાથેનો સબંધ વધારે ઘનિષ્ટ અને પ્રિય હોય છે. ઇશ્વરપ્રાપ્તિના માર્ગના મુસાફરો સાથે તેનું એવું તો નિકટપણું હોય છે કે જેવું નિકટપણું મિથ્યાત્વ દશામાં બંધુ–બંધુઓ પ્રત્યે પણ હોતું નથી. વિશ્વમાં જ્યાં જ્યાં સાધુતા, ભક્તિ, ઇશ્વર પરાયણતા, ધાર્મિકતા, શ્રદ્ધા, પ્રેમ, જન સેવા વિગેરે તેના જોવામાં આવે છે, ત્યાં ત્યાં તેનું હૃદય સબંધ બાંધે છે. અને તેવા મહત્કાર્યોમાં પોતાથી બનતું સ્વાર્પણ કરી તેમની સાથે પોતાનું આત્મિક ઐકય અનુભવે છે. આ સમ્યકત્વની ભૂમિકા ઉપર વિરાજતા આત્માઓ એક બીજાથી ગમે તેટલે દૂર વસતા હોય; છતાં તેમના આત્મિક સંબંધને એ દૂરત્વનું વ્યવધાન બાધા કરી શકતું નથી. દેશ અને કાળનું અંતર લેશ પણ અંતરાય રૂપ થતું નથી. વર્તમાન અને અતીતકાળના સર્વ મહાપુરૂષોનાં હૃદય સાથે તે એક પ્રકારનું એવું નિકટપણું અનુભવી શકે છે કે મિથ્યાત્વની ભૂમિકા ઉપર તેનો મુકાબલો કરવા સરખું કશું સાધન ઉપલબ્ધ નથી. સર્વ સાધુ પુરૂષોને તે પોતાના સંબંધી અને તેમના કાર્યોને તે પોતાના કાર્ય માને છે. જે ઇશ્વરપ્રેમ તેનાં હૃદયમાં જાગ્યો હોય છે, તે પ્રેમને અભિવ્યક્ત કરનારા વાકયો જ્યારે તે વાંચે છે અગર સાંભળે છે, ત્યારે તેનો આત્મા આનંદથી અધીર બની નાચી ઉઠે છે, અને તે વાકયનો રચયિતા પુરૂષ ગમે તે દેશમાં કે કાળમાં થઇ ગયો હોય; છતાં તેને પ્રેમપૂર્વક આત્મિક આલિંગન આપી તેની સાથે પોતાનું સામ્ય અનુભવે છે. તેનું સાચું સગપણ તેના રક્તના સગાઓ કરતાં ન્યાય, પ્રેમ, દયા, ભકિત, નમ્રતા, બંધુતા, પરમાર્થ આદિ ઉચ્ચ ગુણોના ધારક પુરૂષો સાથે અધિક હોય છે. એ સગપણ અનુભવવામાં તેને દેશ કે કાળનું અંતર મુદ્દલ નડતું નથી. મહાવીર, કૃષ્ણ, બુદ્ધ, જેસસ કે મહમદ ગમે તેટલા સૈકાઓ પહેલા ગમે તે દેશમાં ઉત્પન્ન થયા હોય છતાં તે સર્વ દિવ્ય વિભૂતિઓ સાથે તેતે મનુષ્ય પોતાનું ઐકય અનુભવે છે, સમકિતી પુરૂષના સંબંધની મર્યાદા તેના ગૃહ, કુટુંબ, પરિવાર, ગામ કે દેશથી આબદ્ધ હોતી નથી. તેની સૃષ્ટિ અંતરના ગુણોની બનેલી હોય છે. જ્યાં જ્યાં તે ગુણોનો જેટલો વિકાસ નિહાળે છે, ત્યાં ત્યાં તે તેટલો નિકટનો સબંધ અનુભવે છે.

જે સમ્યકત્વના અંગે મનુષ્યમાં આટલું મહત્વનું પરિવર્તન થાય છે, તેનો નવી સૃષ્ટિમાં જન્મ થયો તેમ માનવામાં ખોટું શું છે? વસ્તુતઃ આત્મા નવીજ સૃષ્ટિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવેશ કરે છે. ગુણોનું પરિવર્તન થયા સિવાયનું એકલું નવીન દેહધારીપણું કશુંજ મહત્વનું નથી. સમ્યકત્વ પ્રાપ્તિ રૂપી નવી સૃષ્ટિમાં નવો જન્મ કોને ન ગમે ? આપણે સર્વ એનીજ શોધમાં છીએ. આપણા ધર્મસંપ્રદાયો આપણને એનાજ ઉપાયો નિરંતર ઉપદેશી રહ્યા છે. આપણે પોતે તે નવી સૃષ્ટિના શહેરીઓ બનવાની ઉમેદવારી નોંધાવી ચુકયા છીએ, અને તે ભણી ત્વરિત અગર ધીરી ગતિએ કુચ કરી રહ્યા છીએ. એ નવ જન્મમાં આવ્યા પછી આપણામાં જે લક્ષણો હોવા ઘટે તે લક્ષણો બહારથી ધારણ કરવાનો પ્રયત્ન પણ કર્યા કરીએ છીએ. પરંતુ તે લક્ષણો બહારથી ધારણ કરવામાં અને તે સ્વયં અંતરના પરિવર્તન રૂપે બહાર પ્રગટી નીકળે તેમાં ઘણો તફાવત છે. બહારથી ધારણ કરેલા લક્ષણો નાટકના નૃપતિ જેવા ક્ષણ સ્થાયી, અને ઘડી પછી વિલય પામવાના સ્વભાવવાળા હોય છે. જ્યારે અંતરના દિવ્ય પરિવર્તનમાંથી પ્રગટેલા લક્ષણો આપણા જીવનનો વિભાગ બની જાય છે. આપણી પ્રકૃતિ રૂપે, અંતઃકરણના સ્થાયી ભાવ રૂપે જીવન–વ્યાપી હોય છે. પછી તેમને બળ પૂર્વક પ્રયત્નથી નિભાવવા જરૂર પડતી નથી, પરંતુ સ્વભાવ–લબ્ધ, પ્રાકૃતિક હોય છે.

આ નવ જન્મમાં સુપ્રતિષ્ઠિત થવું એમાં સમયની, ધૈર્યની અપેક્ષા છે. જેમ જમીનમાંથી કોદાળીના એકજ ઘાથી પાણી ઉછળી નીકળતું નથી, તેમ એકજ વારના નિર્બળ સંકલ્પથી મનુષ્યમાં નવ–જીવન અથવા સમ્યકત્વ આવી જતું નથી. આપણે આપણું મુખ પરમાત્મા પ્રતિ ફેરવી શકીએ, દીવસમાંથી થોડી ક્ષણો ઇશ્વરોપાસના માટે બચાવી શકીએ; પરંતુ આપણી સમગ્ર પ્રકૃતિને ઈશ્વરને આધીન બનાવવી, સર્વ જીવન ઈશ્વરના કાર્યોને સમર્પિત કરવું, આપણા પ્રથક્ અભિમાનનો ઇશ્વરના સ્વરૂપમાં વિલય કરી આપણા ક્ષુદ્ર અભિમાનને સ્થાને ઇશ્વરના ભાનની પ્રતિષ્ઠા કરવી, તેમાં બહુ સમય અને સાધનની જરૂર છે. પ્લાસીના યુદ્ધમાં હિંદુસ્થાનનું રાજતંત્ર મુસલમાનોના હાથમાંથી અંગ્રેજોના હાથમાં આવ્યાનું નક્કી થયું; પરંતુ એક દીવસના યુદ્ધથી તે નક્કી થયેલા રાજતંત્રને પદ્ધતિસર શાસનાધીન બનાવવામાં, અને તેના પ્રત્યેક વિભાગને સુવ્યવસ્થિત કરવામાં અંગ્રેજોને દોઢસોથી વધારે વર્ષો વીતી ગયા છે. તેજ પ્રકારે આપણે કોઇ મંગળ મુહૂર્ત્તે પ્રતિજ્ઞા કરીએ કે “ હવેથી હું મારા અંતઃકરણમાં વર્તતી અધમ પ્રવૃત્તિઓનું દાસત્વ મુકી દઉં છું, અને તેને બદલે ધર્મ અને ઇશ્વરની આજ્ઞાને અનુગત બની મારા વિકાસના ઉર્ધ્વગામી પથમાં આ ક્ષણથી પ્રયાણ આરંભુ છું ” પરંતુ એ પ્રકારની ઇશ્વરાભિમુખતા અને ધર્મ પરાયણતા સ્થાપન કરવામાં, આપણી પ્રકૃતિના સર્વ અંશોને ઇશ્વરી નિયમોના વશવર્તી બનાવવામાં અને આપણાં વૃત્તિ સમુદ્રને સુવ્યવસ્થિત કરવામાં બહુ સમય, શ્રમ, અને ધીરજની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય જ્યારે સમ્યકત્વ–પ્રાપ્તિના ક્રમ ઉપર હોય છે, ત્યારે તેના હૃદયમાં સ્વાભાવિક રીતેજ એક પ્રકારની ઉત્કટ વ્યગ્રતા જન્મે છે. ઈશ્વરને તે પ્રાર્થના કરે છે કે "હે પ્રભુ ! આ પાતકીનો ઉદ્ધાર કરવામાં તું શા માટે વિલંબ કરે છે ? મને સત્વર બોધીબીજનો લાભ આપ, મને ભવસાગરથી મુક્ત કર." તેના હૃદયમાં ઉદયમાન થયેલી વ્યગ્રતા પોકારી ઉઠે છે કે "આજ મુહૂર્તે પાપની ઉંડી ખાઇમાંથી મારો ઉદ્ધાર કરી આધ્યાત્મિકતાની ઉચ્ચતમ ભૂમિકા ઉપર મને લાવી મુક. મારી સર્વ નિર્બળતા દૂર કરી મને યોગની ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચાડી આપ." પરંતુ ઈશ્વર આવી તડામારવાળી પ્રાર્થના પૂર્ણ કરતો નથી. ઇશ્વરી નિયમ એ પ્રકારનો છે કે જે આસક્તિઓને અનંત યુગોથી આપણે સેવી છે, તે સર્વને ધીરે ધીરે કટકે કટકે કાપી નાખવી જોઇએ. મનુષ્ય જો એકજ સંકલ્પથી, એકજ પ્રયત્નથી, સરલપણે પાપના પાશમાંથી છૂટો થઇ શકતો હોય તો પાપની ભયાનકતા ક્યાં રહી ? જે સ્હેજ છૂટી શકે તેમ છે, તેનાથી છૂટવામાં મહત્વ કે માહાત્મ્ય ક્યાં રહ્યું ? જે વાસનાઓ અનંત કાળથી આપણા આત્માસાથે જડાયેલ છે, તેનાથી નિવૃત્ત થતા પણ ઘણો કાળ, ઘણો પ્રયત્ન, અભ્યાસ, શ્રમ, સંયમ, ધીરજની અપેક્ષા હોવી ઘટે છે. આસક્તિઓથી મુક્ત થઇ ઇશ્વરસ્વરૂપ સાથે અભેદ સિદ્ધ કરવામાં અસંખ્ય જય–પરાજય, ઘાત–પ્રતિઘાત, ઉત્થાન, પતન, ઉલ્લાસ, અવસાદ, અનુભવવા પડે છે. અસંખ્યવાર ચક્ષુમાંથી જલ વહેવરાવતા પ્રભુને પ્રાર્થવું પડે છે કે "ઓ પરમ પિતા ! આ હૃદયના સંચિત પાપો મારૂં સર્વ નાશ વાળે છે, મારૂ કર્યું–કારવ્યું ધૂળ મેળવે છે, મારા હૃદયનું એક છીંડુ બંધ કરતા સેંકડો બાજુએ છીંડા પાડી મને પોતાના ભાર તળે કચરી નાંખે છે. મને તેનાથી છોડાવ, મને તારા માર્ગ ઉપર સ્થિર રાખ, મને તારા પ્રકાશમાં દોર."

સમ્યકત્વ અથવા નવ જન્મ પામ્યાં પછી પણ અનેકવાર મનુષ્યનું પતન થાય એ બનવા જોગ છે; પરંતુ એ પતનમાં અને સમ્યકત્વ પૂર્વેના પતનોમાં ઘણો પ્રભેદ છે. પૂર્વની મિથ્યાત્વ અવસ્થામાં આત્મા પોતાની અંધ વાસનાઓને અનુસરવામાં આનંદ માનતો, પાપના સેવનમાં એક પ્રકારનું સુખ અને મજા માણતો, વાસનાઓને આધીન બની તે પ્રકારની પ્રવૃત્તિઓને ચરિતાર્થ કરવામાં લેશ પણ સંકોચ ન રાખતો, ત્યારે સમ્યકત્વ–પ્રાપ્તિ પછીના પતનોમાં વસ્તુસ્થિતિ તદ્દન વિપરીત હોય છે. સમકિતીના પતન કાળમાં પણ તેનો આત્મા પ્રભુના ચરણોમાં અનુરકત હોય છે, પરંતુ અંતરમાં સંચિત વાસનાઓના પરિબળથી અભિભૂત થઇ તેના પ્રવાહમાં ઘસડાય છે. વાસનાઓના સેવનમાં તેને સુખ હોતું નથી; પરંતુ તે સેવનકાળે પણ તેનું મન ઇશ્વર ભણી હોય છે. પાપ પ્રતિ તેને તિરસ્કાર હોય છે, તેનું હૃદય ઇશ્વરનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગી હોય છે. પાપને સેવતો છતાં પાપ પ્રત્યે તિરસ્કાર હોવાના કારણથી સમકિતી આત્મા સ્વર્ગનોજ દેવતા છે. કેમકે તેનું હૃદય પાપજન્ય આનંદમાં લાલાયિત હોતું નથી. જે અવસ્થામાં મનુષ્ય અંધ પ્રવૃત્તિના ચિંતનમાં અને આચરણમાં આનંદ મેળવે છે, તે પાપભાવોનું હૃદયમાં પોષણ કરે છે અને તેના પ્રત્યે પ્રેમની નજરથી નિહાળે છે, તે અવસ્થા તેના નરકવાસની છે. મનુષ્યની ઉપરોકત અવસ્થાઓને સ્વર્ગ અને નરક ગણવામાં પણ કાંઈ બાધા આવે તેમ નથી.

સમ્યકત્વ પ્રાપ્ત આત્માની દૃષ્ટિ નિરંતર ઇશ્વર ભણી, ન્યાય, દયા, સત્ય, પરોપકાર, બંધુતાની ભાવનાઓ ભણી હોય છે. આવા નિર્મળ આત્મા ઉપર કદાચ કોઇવાર પાપના વાદળ ઘેરાય તો પણ તે દેવ તુલ્યજ છે. મનુષ્ય જ્યાં સુધી રક્ત માંસના દેહમાં છે, ત્યાં સુધી તે ગમે તેવો પવિત્ર કે સાધુતાસંપન્ન હોય તો પણ કોઇ કોઈ સમયે મલિનતાને પાત્ર હોય છે. જ્ઞાની મનુષ્યો આવી વિકટ સ્થિતિમાં એટલુંજ લક્ષ રાખે છે કે એ મલિનતામાં આનંદ ન માનવો, તેના પ્રત્યે અંતરમાં ખેદ અને તિરસ્કાર રાખવો; આટલું થાય તો સમજવું કે તેના હૃદયમાં ધર્મનું સ્થાન કાયમ છે. ઇશ્વર તેના ચિત્તમાં જીવંતરૂપે વિરાજે છે. સમકિતી આત્મા દુર્બળ હોવો સંભવે, તેનામાં નિશ્ચય બળ ન હોય, પ્રતિજ્ઞાના ટેકનો અભાવ હોય અને તે કારણથી કોઇ કોઇ અસાવધ ક્ષણોમાં વાસનાઓવડે પરાભૂત પણ બને; છતાં એ અવસ્થાને પાપનીજ અવસ્થા કહેવી યોગ્ય નથી. એ પ્રકારની દુર્બળતા કાળે કરી નાશ પામે છે. પતન છતાં ત્યાં નરક નથી. એ પતન તેની શક્તિઓને સંવર્ધિત કરે છે, તેનો દ્વેષ અને તેની ઉન્નતિના કારણરૂપ બને છે. પાપથી પરાજય પામ્યા પછી પાપ પ્રત્યે તેનો દ્વેય વધે છે. પાપનો તે કટ્ટો વેરી બને છે. તે પ્રત્યેક પરાભવ પછી દિવ્ય ગુણ બળવાળી પ્રતિજ્ઞા સહિત પુનઃ તપશ્ચર્યા આદરે છે.

આ પ્રમાણે નવ જન્મ અગર સમ્યકત્વમાં સુપ્રતિષ્ઠિત થતાં ઘણો કાળ જાય છે. ધૈર્ય અને ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા એ દીર્ઘકાળ વ્યાપી પ્રયત્નમાં તેની રક્ષા કરે છે. માત્ર નિરાશાથી મનુષ્યે ચેતવાનું અને બચવાનું છે. પુનઃ પુનઃ પતનથી અને પરાભવથી જો તેના મનમાં એમ આવી જાય કે ઉદ્ધારની આશા નિષ્ફળ છે, તો ત્યાંથી અશ્રદ્ધાનો આરંભ થાય છે. આ અવસ્થાથી બહુ ડરવાનું છે. શ્રદ્ધા ગઈ તો સર્વ ગયું સમજવું. શ્રદ્ધા એજ સમ્યકત્વનો આધાર છે, જીવન છે. તેનાં હૃદયમાં દૃઢ શ્રદ્ધા હોવી જોઇએ કે પાપમુકત થવાની પ્રાર્થના પરમાત્મા અવશ્ય સાંભળશે.

પરમાત્મા આ નવ–યુગમાં સર્વ મનુષ્યોને આ પ્રકારના નવ જન્મનો લાભ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યુવાવસ્થાનો ઉપયોગ.

વિઠ્ઠલદાસ—મૂ. શાહ.

(૧૨)

આ લેખમાળાના પાછલા લેખોમાં કેટલાક એવા સદ્દગુણોની ચર્ચા કરવામાં આવી છે કે જેની પ્રાપ્તિ પ્રત્યેક વ્યકિતને માટે આવશ્યક અને ઉપયોગી છે. પરંતુ ગુણોની પ્રાપ્તિ પ્રત્યેક મનુષ્યના ચરિત્ર–સંગઠનની કોઇ એક વિશેષ અને પરિમિત અવસ્થાપરજ બહુધા અવલંબિત રહેલી છે. જો પ્રત્યેક અવસ્થાનું કાર્ય તેમજ તેનો ઉપયોગ ઉક્ત અવસ્થા અને સમયમાં નથી થતો, તો સમસ્ત જીવનનો કાર્યક્રમ બગડી જાય છે. જેનું પરિણામ એ આવે છે કે આપણું આ માનવજીવન નિતાન્ત અસફલ થવાથી એક દુઃખાન્ત નાટક જેવું બની જાય છે. એટલામાટે આજ સુધી આ લેખમાળાની અંદર જીવન—સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાના જે થોડા ઉપાયો બતાવવામાં આવ્યા છે, તેની સાથે સાથે હવે એ બતાવવાની પરમ આવશ્યકતા પ્રતીત થાય છે કે મનુષ્ય જીવનની ભિન્ન ભિન્ન અવસ્થાઓનો ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ, મનુષ્ય–જીવન ચાર અવસ્થાઓમાં વિભકત કરવામાં આવ્યું છે. (૧) બાલ્યાવસ્થા (૨) યુવાવસ્થા (૩) મધ્યમાવસ્થા અને (૪) વૃદ્ધાવસ્થા. આ ચારે અવસ્થાઓના ભિન્ન ભિન્ન ઉપયોગ અને કર્તવ્યો છે. તે સર્વપર આગામી લેખોમાં આપણે કંઇક વિચાર કરશું. આ લેખમાં તો માત્ર યુવાવસ્થાના ઉપયોગ અને કર્તવ્યો સુજ્ઞ વાચકવર્ગ સમક્ષ બતાવવામાં આવશે.

યુવાવસ્થાને મનુષ્ય–જીવનરૂપી વિશાળ ભવનની એક ઉત્તમ શ્રેણી અવશ્ય કહી શકાય. તે અવસ્થામાં પ્રત્યેક મનુષ્યે પોતાનાં જીવનના કલ્યાણવૃક્ષના બાલ્યાવસ્થાની અંદર વાવેલા બીજને અંકુરિત કરવાનો યત્ન કરવો જોઇએ. એ આત્મિક શકિતઓનો વિકાસકાળ છે. એજ શીલ તેમજ સ્વભાવ સુધારવાનો વા બગાડવાનો સમય છે. જો એ અવસ્થામાં આપણે આપણી આંતરિક શકિતઓનો તથા સદ્દગુણોનો વિકાસ કરવાનો કશો પ્રયત્ન નથી કરતા તો તે ફરી કદિ પણ નથી થઇ શકતો. એટલા માટે આપણે આપણા જીવનનો એ સર્વ શ્રેષ્ટ સમય વૃથા જવા દેવો જોઇએ નહિ.

આપણા પ્રાચીન આચાર્યોએ જણાવ્યું છે કે:–યૌવન કાળનું એક માત્ર મુખ્ય કર્તવ્ય ઉપાર્જન તથા સંગ્રહ કરવાનું છે. સંગ્રહ કઇ વસ્તુનો ? જવાબ એ છે કે કોઇ ઉચ્ચાતિઉચ્ચ હેતુની વૃદ્ધિને અર્થે, જીવનની સફલતાને અર્થે સઘળી આવશ્યક વસ્તુઓનો અર્થાત્ સ્વાસ્થ્ય, જ્ઞાન, સદ્દગુણ, શક્તિ વિગેરેનો સંગ્રહ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. મનુષ્ય–જીવનની સફળતા માટે કેટલીક આવશ્યક વસ્તુઓનું વર્ણન આપણે આગળ કરી ચુકયા છીએ, તેથી અહિંઆ ફક્ત એવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવશે કે જેનો સંબંધ વિશેષ કરીને યુવાવસ્થાની સાથે જ છે.

યુવાવસ્થામાં પ્રત્યેક મનુષ્યને જોકે અમુક નિર્ણયશક્તિ પ્રાપ્ત નથી થતી, તો પણ તેને નાના મોટા વિષયોના હાનિ–લાભના વિચાર કરવાની યોગ્યતા અવશ્ય પ્રાપ્ત થાય છે. પ્રત્યેક મનુષ્ય એટલું તો સારી રીતે જાણે છે કે યૌવનકાળમાં તેણે પોતાનાં શિક્ષણ તેમજ સ્વાસ્થ્ય ઉપર સમુચિત ધ્યાન આપવું જોઇએ. તેથી કરીને તેનું વિસ્તારથી વિવેચન ન કરતાં નીચે કેટલાક એવા સદ્ગુણોનું વર્ણન કરવામાં આવશે કે જે પ્રાપ્ત કરવાનું આપણા યુવકોનો મોટો ભાગ ભૂલી જાય છે.

આ સંસારમાં મનુષ્યનું હિત કરનારી અનેક બાબતો છે, પરંતુ સૌથી અધિક હિત કરનારી વસ્તુ તેનું સદાચરણ અથવા શીલ છે. એના ઉપર બાલ્યાવસ્થાથીજ જેટલું અધિક ધ્યાન આપવામાં આવે છે તેટલું સારૂં છે. જો આરંભથીજ તેની વિશેષ ચિંતા નથી કરવામાં આવતી તો આગળ ઉપર, અનેક યત્નો કરવા છતાં પણ, સારાં પરિણામની બિલકુલ સંભાવના નથી. જેવી રીતે કોઇ રોગ ઉત્પન્ન થતાં વેંતજ તેને અટકાવવા માટે કોઇપણ ઉપાય ન લેવામાં આવે અને તેને વધવા દેવામાં આવે તો તે થોડા સમયમાં અસાધ્ય બની જાય છે, તેવી રીતે દુરાચાર તથા વ્યસનોની પણ સ્થિતિ છે. જો શરૂઆતમાંજ તેને નષ્ટ કરવાનો યત્ન નથી કરવામાં આવતો, તો પછી અભ્યાસ અથવા સ્વભાવ પડી ગયા પછી તેને રોકવાનું અસંભવિત બની જાય છે. બાલ્યાવસ્થા અને યુવાવસ્થામાં મનુષ્યનો સ્વભાવ અપકવ અને નવો હોય છે. એ અવસ્થામાં મનુષ્યનો સ્વભાવ કાચી માટી સમાન હોય છે, જેમાંથી કોઈપણ આકારનું વાસણ ઘડી શકાય છે. પરંતુ જ્યારે એક વખત એ માટીનું વાસણ બનાવી તેને અગ્નિદ્વારા સુદૃઢ કરી દેવામાં આવે છે, ત્યારે તેમાં કદાપિ ફરી પરિવર્તન કરી શકાતું નથી. નવી ટેવો ઘણે ભાગે તરૂણ અવસ્થામાંજ ઘડાય છે. એટલા માટે આપણાં ચરિત્ર–સંગઠનમાં આપણા સ્વભાવને અભીષ્ટ આકારમાં ઘડવા માટે શરૂઆતથીજ પૂરેપૂરા સચેત અને સતર્ક રહેવાની જરૂર છે.

આત્મ–સુધારણા કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેક યુવકનું બીજું અત્યંત મહત્વપૂર્ણ કર્તવ્ય એ છે કે તેણે કુસંગતિનો હમેશાં ત્યાગ કરવો જોઇએ, અને મનમાં હમેશાં સદ્ભાવોનેજ સ્થાન આપવું જોઈએ. અંગ્રેજી જાણનાર વાચકો " Man is the architect of his own fate. " એ કહેવતથી સુપરિચિત હોવા જોઇએ. તેનો અર્થ એ છે કે " માણસ પોતે પોતાના ભાગ્યનો વિધાતા અથવા સ્રષ્ટા છે " અર્થાત્ માણસ પોતાની આખી જીંદગીને અનેકાંશે પોતાની ઇચ્છાનુસાર સુખી અથવા દુઃખી બનાવવામાં સ્વતંત્ર છે. જો એવી હકીકત છે તો હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે પ્રત્યેક મનુષ્ય પોતાના સમસ્ત જીવન–કાળમાં પોતાની ઇચ્છા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુસાર એકલું સુખજ કેમ નથી મેળવતો ? તેનો જવાબ એ છે કે તે પોતાની યુવાવસ્થાનો ઉચિત ઉપયોગ કરવાને બદલે તેને બગાડી નાંખે છે. બાલ્યાવસ્થા અને યુવાવસ્થા સ્વાસ્થ્ય તથા વિદ્યાની પ્રાપ્તિ માટે છે, મધ્યમાવસ્થા ધનસંચય તથા પુરૂષાર્થ કરવા માટે છે અને વૃદ્ધાવસ્થા સત્કર્મ તથા પુણ્ય સંચય કરવા માટે છે.

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितं पुण्यं, चतुर्थे किं करिष्यति ॥

જો અમુક સમયનું કાર્ય તે સમયે કરવામાં ન આવે તો તેનું ઇષ્ટ ફળ કેવી રીતે મળી શકે ? ઉપરોક્ત કહેવતના સંબંધમાં ઘણું લખી શકાય તેમ છે, પરંતુ અતિ વિસ્તાર થઇ જવાના ભયથી અત્ર એટલુંજ કહેવું બસ છે કે પ્રત્યેક યુવક એ કહેવતને પોતાનાં જીવનરૂપી કસોટીમાં કસીને જોઇ શકશે કે એની અંદર કેટલું રહસ્ય રહેલું છે. તેથી સુખ પ્રાપ્ત કરવાની અને પોતાના ભાગ્યના પોતેજ વિધાતા બનવાની ઇચ્છા રાખનાર યુવકોને સાનુરોધ એટલું નિવેદન છે કે તેઓએ આ વિષયમાં પ્રથમથીજ સાવધાન રહેવું અને એવી સંગતિમાં તેમજ એવાં વ્યસનોમાં ન પડવું કે જેનાથી તેઓને ભવિષ્યમાં દુઃખ થાય અને પશ્ચાત્તાપ કરવો પડે. સંસારમાં સન્માર્ગ અને ઉન્માર્ગ એમ બે પ્રકારનાજ માર્ગ છે. એ બન્ને માર્ગે ચાલવામાં પ્રત્યેક મનુષ્ય પૂરેપૂરો સ્વતંત્ર છે. તે પોતાની ઇચ્છાનુસાર બેમાંથી કોઇપણ એક માર્ગપર ચાલી શકે છે. યુવાવસ્થામાં મનુષ્ય અનુભવહીન, ચંચલ સ્વભાવનો અને લાભ હાનિમાં ઘણે ભાગે વિવેક રહિત હોવાને લઇને ઉન્માર્ગગામી થવામાં સુખ પ્રાપ્તિનું સ્વપ્ન જુએ છે, જેનાથી છેવટે તેને દુઃખજ મળે છે. એટલા માટે કુસંગતિનો ત્યાગ કરીને મનમાં કુભાવોનો ઉદય થતાંજ તેને દૂર ફેંકી દેવા જોઇએ. માર્ગની પસંદગી ઉપરજ પ્રત્યેક મનુષ્યના ભવિષ્યનો આધાર રહેલો છે.

ત્રીજી વિશેષ ધ્યાન આપવા લાયક બાબત વિચારોની સ્વતંત્રતા છે. તે એક એવો ગુણ છે કે જેનું સ્મરણ થતાંજ ભારતવર્ષની દુર્દશાનું ચિત્ર આંખો સમક્ષ તરી આવે છે. આ ગુણનો અભાવ માત્ર યુવકોમાંજ નહિ, પરંતુ મધ્યમ તેમજ વૃદ્ધ અવસ્થાના મનુષ્યોમાં પણ જોવામાં આવે છે. ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે ઘણા મનુષ્યો સ્વતંત્ર વિચાર કરીને કોઇ સિદ્ધાંત પોતાના જીવન માટે નિશ્ચિત કરતા નથી, બીજાઓના પરસ્પર વિરૂદ્ધ મતોને પણ સત્ય માનવા લાગે છે. તેમજ તે અનુસાર કાર્ય પણ કરવા લાગે છે. સૌ કોઇ સમજી શકે તેમ છે કે એકજ વસ્તુ એકી સાથે સર્પ અને રજ્જુ નથી હોઇ શકતી. તેથી કરીને આપણે આપણી યુવાવસ્થામાંજ સ્વતંત્ર રીતે આપણા વિચારો કોઇપણ વિષય ઉપર નિર્ધારિત કરવાનો પૂરેપૂરો અભ્યાસ રાખવો જોઇએ. પરંતુ સ્મરણમાં રાખવું જોઇયે કે સ્વતંત્રતાથી હઠ—ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીખવવાનો આશય નથી. પ્રત્યેક સ્વતંત્રતાની માફક એની પણ સીમા હોવી જોઇએ. વિચારની સ્વતંત્રતા તેમજ દૃઢ નિશ્ચયનો મૂળ આધાર સત્યપરજ હોવો જોઇએ, નહિ કે હઠ ઉપર.

ચોથી મહત્વપૂર્ણ અને ધ્યાન આપવા યોગ્ય બાબત એ છે કે જે આજ કાલના યુવકો કાંતો ભૂલી જાય છે અથવા તેની આવશ્યક્તા સમજતા નથી. તે બાબત છે ઈશ્વર–નિષ્ઠા. ખરૂં તો એ છે કે આપણા વિદ્યાર્થી જીવનનો, ગાર્હસ્થ્ય જીવનનો તેમજ સાર્વજનિક જીવનનો વિકાસ ઇશ્વર–નિષ્ઠાની સાથોસાથજ થવો જોઈએ. તેનાથી અનેક લાભ થાય છે. તે દ્વારા આપણામાં માનસિક શાંતિ અને પાપભીરૂતા આવે છે, એટલુંજ નહિ પણ એક વિશેષ લાભ એ થાય છે કે એ નિષ્ઠાનાં બલવડે આપણાં કરેલાં સર્વ કાર્યોમાં એક પ્રકારની સાત્વિક શોભા, તેજસ્વિતા અને આકર્ષણ–શક્તિ આવે છે. પરિણામે આપણે આપણાં ઇષ્ટકાર્યનો પ્રભાવ આપણા સંબંધીઓ તથા પાડોશીઓ ઉપર સારી રીતે પાડી શકીએ છીએ. ઈશ્વર–નિષ્ઠા અને ધર્મ–પરાયણતાનો અભ્યાસ યુવાવસ્થામાં જ વિશેષ શોભે છે, કેમકે ઉક્ત અવસ્થામાં આપણી ચિત્તવૃત્તિઓ શુદ્ધ, સાત્વિક અને ઉદાર રહે છે. સખેદ કહેવું પડે છે કે ઘણાએક નવશિક્ષિત યુવકો કેવળ વિવાદ અને નાશકારક મનોરંજનની ખાતર નાસ્તિક્તા, અવિશ્વાસ અને ધાર્મિકતા પ્રકટ કરવામાં જ પોતાની મહત્તા સમજે છે. પરંતુ તે પરમ દયાળુ, ન્યાયી અને સર્વશક્તિમાન્ ઈશ્વરની શક્તિ માટે, વિદ્વાનોને તો શું, પણ મૂર્ખોને પણ પ્રમાણ શોધવા દૂર જવું પડે તેમ નથી. કીડીથી કુંજર સુધી, ધૂળથી પર્વત સુધી, પાણીનાં એક ટીપાંથી મહાસાગર સુધી, જન્મથી મૃત્યુ પર્યંત અનુભવાતી સઘળી વાતોમાં તે પરમ પિતાનો અગાધ પ્રભાવ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. પરંતુ આપણે લોકો થોડી વિદ્યા, ધન અથવા યૌવનના ઘમંડમાં આવીને તે પરમ શક્તિમાન્ પ્રતિ મહાન્ અકૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ. ઇશ્વર તથા સ્વધર્મપર નિષ્ઠા રાખવાથી આપણામાં એક પ્રકારનું એવું અદ્દભુત બળ આવે છે કે જે વડે આપત્તિઓ અને નીચ કર્મોને આપણે ધક્કો મારી દૂર હઠાવી શકીએ છીએ. એવા સ્વધર્મ બળવડે આત્મબળ અને આત્મબળવડે પ્રબોધન શક્તિ પ્રાપ્ત કરીને તે દ્વારા આન્દોલન અને જાગૃતિનું કાર્ય કરીને આપણું પોતાનું તેમજ બીજાનું કલ્યાણ કરી શકીએ છીએ.

પાંચમો ગુણ, કે જે પ્રાપ્ત કરવાની અત્યંત આવશ્યક્તા છે અને જે યુવકોનાં ભૂષણ સમાન છે, તે વિનય છે. વિનયના બે પ્રકાર છે. એક સ્વાભાવિક અને બીજો કૃત્રિમ. મનુષ્યજીવનમાં બન્ને પ્રકારનો વિનય હિતદાયક છે. સ્વાભાવિક વિનય કેવળ એ મનુષ્યમાં હોય છે કે જેનામાં થોડી ઘણી સાચી યોગ્યતા હોય છે. જો સ્વાભાવિક વિનયનો અભાવ હોય તો સંસારનાં ઘણાં કાર્યો કૃત્રિમ વિનયથી પણ ચાલી શકે છે. વિનય હોવો તે કુલીનતા, વિદ્વત્તા તેમજ સહૃદયતાનું સૂચક છે, ડરપોકપણાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ખુશામતનું નહિ. આપણા ઉપર માતાપિતા અને અન્ય ગુરૂજનોનું હમેશાં ભારે ઋણ રહેલું છે, જે આપણે કદિ પણ પૂરેપૂરૂં અદા કરી શકતા નથી. તેથી કરીને બની શકે ત્યાં સુધી આપણે તેઓના અનંત ઉપકારોમાંથી અનૃણી–ઋણ મુક્ત થવા હમેશાં પ્રયત્નશીલ રહેવું જોઇએ. એ પ્રયત્નોનો સાચો માર્ગ એ છે કે આપણે તેઓની આજ્ઞાઓ અને ઇચ્છાઓની પૂર્તિ અત્યંત નમ્રતા અને વિનય પૂર્વક કરવી જોઇએ. વિનયનો એક વિરોધી મનોવિકાર અહંકાર છે. વિનય જેટલો સારો છે તેટલોજ અહંકાર ખરાબ છે. પરંતુ ઘણે ભાગે ઉછળતું લોહી હોવાને લઇને આપણો યુવકગણ એ દુર્ગુણની જાળમાં એવો ફસાઇ જાય છે કે તેઓ પોતાની જાતને સર્વજ્ઞ, સ્વતંત્ર તેમજ પૂરેપૂરા અનુભવી ગણવા લાગે છે. એ સર્વજ્ઞતાનાં દુરભિમાનનું પરિણામ એ આવે છે કે તેઓ ઠોકરો ખાઇને શીઘ્રતાથી અવનતિના ખાડામાં પડી જાય છે. એટલા માટે પ્રત્યેક યુવકે હમેશાં વિનયનો સ્વીકાર અને દુરભિમાનનો ત્યાગ કરવા તત્પર રહેવું જોઇએ.

છઠ્ઠી આવશ્યક બાબત એ છે કે સ્વદેશ અથવા માતૃભૂમિપર નિ:સીમ પ્રેમ. અહા ! ‘ સ્વદેશ ’ અથવા ‘ માતૃભૂમિ ’ શબ્દમાં કેવી અદ્ભુત શક્તિ રહેલી છે ! તેણે આજસુધી અનેક લેખકોને, વક્તાઓને, કવિઓને, નીતિજ્ઞોને અને શૂરવીરોને પો ાના અતુલ પ્રભાવવડે મુગ્ધ કરી નાંખ્યાા છે. તેજ આ સંસારમાં અન્યાયને રોકનારી, અનીતિને દૂર કરનારી અને અધર્મનો સંહાર કરનારી અગાધ શક્તિ છે. તેનાથી ભૂલોકમાં ન્યાય, નીતિ અને ધર્મની પ્રતિષ્ઠા થાય છે. તેના આધારે જ્ઞાનીઓને આત્મજ્ઞાન, ભક્તજનોને અનન્ય પ્રેમનો અનુભવ અને કર્મયોગીઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. તે સ્વદેશ પ્રેમ અથવા માતૃભૂમિ પ્રત્યેનો અનુરાગ સર્વ સાધારણ લોકોમાં ચૈતન્યની જાગૃતિ કરીને આ મૃત્યુ લોકને અમર બનાવી સર્વ જીવોને બંધનમુક્ત કરી શકે છે. તેજ આત્મનિષ્ઠા, ઇશ્વરનિષ્ઠા તેમજ ભગવત્પ્રેમના ખરેખરા પ્રતિનિધિરૂપ છે. એ સાત્વિક ગુણની પ્રાપ્તિ માટે બંધુપ્રેમ, પરહિત બુદ્ધિ, ઉદારતા, ન્યાયપરાયણતા, ભૂતદયા, સમદૃષ્ટિ અને ઉચ્ચ કોટિની મહત્વાકાંક્ષાઓની આવશ્યક્તા છે. એ ગુણ પ્રાપ્ત કરવાનું સરલ સાધન સામયિકતા છે. સામયિકતા દેશની દશાનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવામાં હોવી જોઇએ. જ્યાં સુધી આપણે આપણા પોતાના તેમજ આપણા દેશભાઇઓના સુખદુ:ખ, આવશ્યક્તાઓ, અધિકારો તથા સ્વત્વોની પ્રાપ્તિનાં સાધનો સારી રીતે જાણી લેતા નથી ત્યાંસુધી આપણામાં દેશપ્રેમનો યથાર્થભાવ કદિ પણ જાગૃત થઇ શક્તો નથી. ઘણાએક બુદ્ધિહીન તથા નિર્જીવ હૃદયના મનુષ્યો સ્વદેશપ્રેમ તથા માતૃભૂમિ–સેવાથી અત્યંત ડરે છે. તેઓ કદાચ એ ઉજ્જ્વળ તથા દૈવી ગુણને અરાજકતા અથવા રાજદ્રોહનો સગોભાઇ ગણે છે. પરંતુ તેઓની તે માન્યતા સૂર્યમાં ગરમીનો અભાવ અથવા જીવંત મનુષ્યમાં પ્રાણવાયુનો અભાવ માનવા જેવી ભૂલ ભરેલી છે. સાચું કહીએ તો સ્વદેશપ્રેમ એ એવો ગુણ છે કે જે દ્વારા મનુષ્ય રાજભક્તિ શીખી શકે છે. દેશ અને રાજાની વચ્ચે શરીર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જેવો સંબંધ છે. તો પછી શું એ કદિપણ સંભવિત છે કે એકને ન્હાવાથી અને તેનું પોષણ કરવાથી બીજાનો નાશ થાય? અમે તો એટલે સુધી કહેવા તૈયાર છીએ કે જે મનુષ્ય પોતાના દેશ ઉપર પ્રેમ નથી રાખતો તે કદિ પણ રાજભક્ત થઈ શકતો નથી. દેશભકિતનું જ એક પ્રધાન અંગ રાજભકિત છે. એટલા માટે પ્રત્યેક યુવકે દેશભક્ત બનવામાં તેમજ કહેવડાવવામાં પોતાનું ગૌરવ સમજવું જોઇએ.

સાતમો સંગ્રહણીય અને સ્પૃહણીય સદ્ગુણ સત્યપ્રિયતા છે. જેવી રીતે ઇશ્વરનિષ્ઠા, વિનય વિગેરે ગુણોનો અભ્યાસ તરૂણ અવસ્થામાંજ કરવો જોઇએ, તેવી રીતે સત્યપ્રિયતાનો અભ્યાસ પણ એ સમયમાં જ કરવાની પરમ આવશ્યકતા છે. તેની સહાયથી અને કૃત્રિમતાનો ત્યાગ કરવાથી સર્વ સદ્ગુણોની વૃદ્ધિ થાય છે. આપણા જીવનના સર્વ સિદ્ધાંતો સત્યતા તેમજ સ્વાભાવિકતાના આધારેજ નિર્મિત કરવા જોઇએ.

જે મનુષ્ય બોલે છે કંઇક, વિચારે છે કંઇક અને કરે છે કંઇક તે આગળ ઉપર નીચ, વિશ્વાસઘાતી અને પરનિંદક બને છે. તે સમાજ–કંટક બનીને સમસ્ત સંસારના તિરસ્કારને પાત્ર બને છે. સત્યપક્ષ ઉપર પહેલાં કદાચ વિપત્તિ પડે, તો પણ અંતે તેનો જય થયા વગર રહેતો નથી. સત્યનો માર્ગ અગમ હોવા છતાં સુગમ, સીધો અને સરળ છે. સત્યના બળ ઉપર આખો સંસાર સ્થિત છે. એથી ઉલ્ટું અસત્યનો માર્ગ ક્ષણિક મોહકતાને લઈને જો કે પહેલાં સરલ લાગે છે, તો પણ અંતે દુધ એ દુધ અને પાણી એ પાણી એમજ બને છે. પ્રત્યેક મનુષ્ય એ વાત સારી રીતે જાણે છે કે અસત્ય હમેશાં છેવટ સુધી છૂપું રહી શકતું નથી. અસત્ય પ્રકટ થતાંજ ભારે વિપન્ન દશા આવી પહોંચે છે. એટલુંજ નહિ પણ અસત્યનો માર્ગ સર્વથા નાશકારક છે. એક અસત્ય વાતનો નિર્વાહ કરવા માટે અનેક અસત્યો બનાવવા પડે છે. છેવટે કોઇ વખત નિશાન ચુકી જતાં મનુષ્ય એવો ફસાઇ પડે છે કે ફરી એ જાળમાંથી જીંદગીભર નીકળવું અસંભવિત થઇ પડે છે. અસત્યપ્રિય મનુષ્ય પોતાનાં આચરણથી હમેશાં વિચારહીનતા, માનસિક દુર્બળતા, અને કાયરતા પ્રગટ કરે છે. સત્ય વક્તામા સંપૂર્ણ સાહસ હોય છે. તેને અસત્ય સરખી તુચ્છ વસ્તુઓનો આશ્રય લેવાની જરા પણ જરૂર લાગતી નથી. પરંતુ સત્ય ભાષણ સમયે એક વાત અવશ્ય ધ્યાનમાં રાખવી જોઇએ. તે એ છે કે સત્ય બોલવું અવશ્ય, પરંતુ પ્રિય શબ્દોમાં. કેમકે કહ્યું છે કેઃ—

" सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम् "

આઠમો ગુણ, કે જેના વગર સઘળો ખેલ બગડી જાય છે તે મનઃસંયમ અથવા ઇન્દ્રિયનિગ્રહ છે. તે એક પહેરેગીર સીપાઇ છે કે જેની ગેરહાજરીમાં આપણી પાસેથી બીજા ગુણો ચાલ્યા જવાની તૈયારી કરે છે. પ્રાચીન સમયની એક નાની વાર્તા છે કેઃ—'કોઇ મનુષ્યની પાસે જયારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા ગુણો થઇ ગયા અને જ્યારે તે એ સર્વની યોગ્ય દેખરેખ રાખી ન શક્યો, ત્યારે તેણે તે સમયના સઘળા સમાચાર પત્રોમાં એક વિજ્ઞાપન બહાર પાડયું, જેનો આશય એ હતો કે અમુક અમુક સદ્ગુણોનો સંગ્રહ મારી પુંજી છે અને હું મારા એ ગુણોના ખજાનાનું સારી રીતે રક્ષણ કરી શકતો નથી, તેથી કરીને જે કોઇ એ ખજાનાની પહેરેગીર તરીકે નોકરી કરવા ઇચ્છતો હોય તેણે મને અરજી કરવી, પગાર યોગ્યતાનુસાર આપવામાં આવશે. સર્વ શિક્ષિત લોકોએ એ વિજ્ઞાપન વાંચ્યું. પરંતુ એ નોકરી માટે અરજી કરવાની કોઈની હિમ્મત ન ચાલી, કેમકે સરત ઘણી આકરી હતી. ઘણા દિવસો વીત્યા બાદ બે મનુષ્યો તે નોકરી માટે આવી પહોંચ્યા. એક પૂર્વ દિશામાંથી આવ્યો, જેનું નામ "સંયમ" હતું. બીજો મહાશય પશ્ચિમમાંથી આવ્યો, જેનું નામ "વિલાસ" હતું. ઘણોજ વિચાર કર્યા પછી તે વિજ્ઞાપનદાતાએ 'સંયમ' ને નિમકહલાલ ગણીને નોકરી આપી. મી. 'વિલાસ' નિરાશ અને ક્રુદ્ધ બનીને ચાલ્યો ગયો. તે સમયથી તે સંયમ ઉપર અત્યંત નારાજ થઈ ગયો છે અને તેનું વેર લેવાની ચિંતા રાખ્યા કરે છે. જ્યારે કદિ તે સંયમ નામનો સિપાઈ ગેરહાજર રહે છે, ત્યારે મી. 'વિલાસ' તે ગુણોના ખજાનાનો નાશ કરીને બિચારા સંયમને દૂષિત કરે છે. પરંતુ સંયમની હાજરીમાં મી. વિલાસને પોતાના જ વિનાશનો ભય રહ્યા કરે છે.' ઉપરોક્ત વાર્તાનો સારાંશ તદ્દન સાચો અને સ્પષ્ટ છે. એ તો ત્રિકાલાબાધિત સત્ય છે કે **જો આપણી પાસે પણ સદ્ગુણોનો કોઇ ખજાનો હોય તો તેના રક્ષણાર્થે આપણે સંયમ પહેરેગીરને જ શોધવો–નીમવો જોઇએ.**

યુવાવસ્થાના જે જે કર્તવ્યો અને ઉપયોગ ઉપર બતાવવામાં આવ્યા છે, તે સર્વ મહત્વપૂર્ણ અને લાભકારક છે. આ ઉપરાંત બીજા અનેક સદ્ગુણોનો અભ્યાસ બતાવી શકાય તેમ છે. પરંતુ અહિંઆ આટલા જ પુરતા છે. જો આપણા નવયુવકો ઉપરોક્ત કર્તવ્ય–કુસુમોની એક પુષ્પમાળા બનાવીને પોતાનાં હૃદયસ્થળપર ધારણ કરે તો તેઓનાં જીવનની સાર્થક્તા થવા સાથે શોભા થઇ શકે. તે અદ્ભુત પુષ્પ–જયમાળાની સુગન્ધથી તેઓ પોતાની સાથે પોતાનાં કુટુંબ તેમજ સમસ્ત સમાજને કૃતકૃત્ય કરી શકે છે. પરંતુ જ્યાં સુધી તે જયમાળાની વચમાં એક ગુલાબનું ફુલ નથી હોતું, ત્યાં સુધી તેની શોભા હજારો ઉપાય કરવા છતાં પણ તેજહીન રહે છે. તેથી કરીને તે જયમાળાની શોભા પૂર્ણ કરવા માટે આપણે જ્યાં સુધી તેની વચ્ચેની ખાલી જગ્યા ઉદ્યોગરૂપી ગુલાબના ફુલથી ભરી દેતા નથી ત્યાંસુધી તે અપૂર્ણજ રહેવાની. જેવી રીતે ફુલોની અંદર ગુલાબનું ફુલ ઉંચુ સ્થાન ભોગવે છે, તેવી રીતે સઘળા ગુણોમાં ઉદ્યોગનો ગુણ પ્રથમ દરજ્જો ભોગવે છે. સ્મરણમાં રાખો કે ઉદ્યોગરૂપી એ સ્વર્ગીય ગુલાબ પ્રાપ્ત કરવાની સર્વોત્તમ ૠતુ તરૂણાવસ્થાજ છે. જો તરૂણાવસ્થામાં તે સ્વર્ગીય પુષ્પની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ અર્થે ઉચિત પ્રયત્ન નથી કરવામાં આવતો તો જીવન-સંગ્રામમાં વિજય-પ્રાપ્તિની આશા રાખવી તે વ્યર્થ છે. અનેક વખત કહેવામાં આવ્યું છે કે ભવિષ્ય ભારતના નિર્માતા આપણા યુવકો યાને વિદ્યાર્થીઓજ છે. વાસ્તવિક રીતે તેઓજ દેશની ભાવી ઉન્નતિના આધારસ્તંભ છે. પરંતુ જે ગંભીર અર્થમાં ' સ્તંભ ' શબ્દ વાપરવામાં આવ્યો છે, તે હમેશાં ધ્યાનમાં રાખવો જોઇએ; અર્થાત્ સદાચરણ, શીલ, સુસંગતિ, સદ્ભાવ, વિચાર-સ્વાતંત્ર્ય, ઇશ્વર-નિષ્ઠા, વિનય, સ્વદેશ-પ્રેમ, માતૃભૂમિની સેવા, સત્ય-પ્રિયતા, સંયમ, ઇન્દ્રિય-નિગ્રહ વિગેરે સદ્ગુણોનો અભ્યાસ યુવાવસ્થામાં અવશ્ય કરવો જોઇએ. તે ગુણોની સહાયથી યશ તેમજ લાભ, વિજય અને સુખ, મળી શકે છે અને ખરો સ્વાર્થ તેમજ સર્વશ્રેષ્ઠ પરોપકાર સાધી શકાય છે. એ સદ્ગુણોથી વિભૂષિત પ્રયત્નશીલ યુવકોજ ભવિષ્યમાં ગોખલેજી, ગાંધીજી, તિલક મહારાજ વિગેરે જેવા મહા પુરૂષ બની શકે છે અને કેવળ પોતાનાજ દેશના નહિ, પરંતુ સમસ્ત સંસારના જીવંત મનુષ્યો તરફથી 'કર્મવીર' 'લોકરત્ન' ' પુરૂષસિંહ ' જેવી ઉપાધિયો પ્રાપ્ત કરીને તે શબ્દોની શોભામાં વધારો કરી શકે છે.

# તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાના હેતુઓ.

( વકીલ નંદલાલ લલ્લુભાઇ—વડોદરા. )

આત્માનંદ પ્રકાશના ઓગણીશ વર્ષ પુરા થઇ વીશમા વર્ષની શરૂઆત થાય છે. આત્મિક ઉન્નતિના અસંખ્ય યોગ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા છે. તે તમામ યોગમાં વીશ સ્થાનક પદની આરાધના એ પણ આત્મિક ઉન્નતિનો એક યોગ છે. પૂર્વે અતીત કાલે અનંતા તીર્થંકરો થઇ ગયા. વર્તમાનમાં મહાવીદેહ ક્ષેત્રમાં વીશ વિહરમાન વિચરે છે. તેઓએ તીર્થંકરના કર્મનો જે બંધ કરેલો તે વીશ સ્થાનક પદની આરાધનાથી જ કરેલો. ભાવિ જે તીર્થંકર આવતી ચોવીશીમાં થવાના છે, તેઓએ પણ એજ પદના આરાધનથી તીર્થંકર નામકર્મનો બંધ કરેલો છે. અને જયારે જયારે બીજા પણ તીર્થંકરો થશે, તે તમામ એ પદના આરાધનથીજ તીર્થંકર નામકર્મનો બંધ કરશે એમ તીર્થંકર ભગવંતનું કથન છે.

વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરો પૈકી પહેલા શ્રી રૂષભદેવ ભગવંતે અને છેલ્લા શ્રી મહાવીર ભગવંતે એ ચોવીશે પદનું અને બાકીના તીર્થંકરોમાંના કોઇએ એક અને કોઇએ એકથી વિશેષ પદનું આરાધન તીર્થંકર ભવના પૂર્વના ભવમાં કરેલું હતું. આવા અનાદિકાળથી ચાલતા આવેલા સ્થાપિત નિયમમાં કદાપિ ફેરફાર થવાનો નથી. એવા આ ઉત્તમ યોગના આરાધનમાં આપણામાં વીશસ્થાનકની ઓળીનું આરાધન પુણ્યશાળીઓ કરે છે. એ વ્રત દેવ ગુરૂ સમક્ષ અંગીકાર કરે છે. વીશ સ્થાનકની ઓળીનું આરાધન કરનાર શાસ્ત્રમાં બતાવેલ શૈલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજબ તપ તથા તેના અંગની બીજી બધી ક્રિયા કરે છે. તે ઘણી પ્રચલિત છે. એટલે તે સંબંધી વિશેષ વિવિક્ષા નહી કરતાં એ વીશ સ્થાનક સબંધી સ્વરૂપ આ પ્રકાશના વીશમા વર્ષની શરૂઆતમાં આપવું એ મંગળરૂપ છે એમ જાણી તે આપવા પ્રયત્ન કર્યો છે.

શ્રી અરિહંત ધર્મના જાણુ આ વીશ માહેલું એક પદ પણ ભાવ અને વિવેક પૂર્વક આરાધે તો તે જરૂર કલિષ્ટ કર્મને નિર્જરાવી, અશુભ કર્મને છેદી, ઉચ્ચ ગોત્ર અને જિનનામ કર્મ બાંધે એવા જ્ઞાનીઓના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધાવાન જ એ પદનું આરાધન કરવાને ઉજમાળ થાય.

(૧) શ્રી અરિહંત પદ આ પદની આરાધના શ્રી અરિહંતના નામાદિ વિચાર નિક્ષેપા વડે તેમની ભકિત કરવી, શ્રીજિનપ્રતિમાની વિવિધ પ્રકારે વિધિપૂર્વક દ્રવ્ય અને ભાવથી પૂજા કરવી તેમના ગુણોનું કીર્તન કરવું અને તેમની આજ્ઞાનું પાલન કરવું (૨) સિદ્ધ–નિષ્પન્ન થએલા ગુણવાળા, સર્વ કર્મમળથી રહિત, ચાર ગતિ રૂપ સંસારમાં જેમને પાછું આવવું પડતું નથી, એવી પંચમ ગતિને પામેલા, અનંત અને અવ્યાબાધ સુખનું આસ્વાદન કરનાર, પરમાનંદ, ચિદાનંદ, ઉત્કૃષ્ટ આત્માનંદને પામેલા સાદી અનંતભાગે જેઓ એ લોકના અંત ભાગે પીસતાલીશ લાખ યોજનની સિદ્ધ શિલા ઉપર સ્થિતિ કરેલી છે. એવા સિદ્ધ ભગવંતનું ધ્યાન કરવું. જે જે તીર્થો ઉપર પવિત્ર પુરૂષો સિદ્ધિપદને પામેલા છે, તે તીર્થોની યાત્રા કરવી, તેમના સ્વરૂપની વિચારણા કરવી, તેમના આઠ અને એકત્રીશ ગુણોનું સ્વરૂપ સમજવું અને તેમાં રમણતા કરવી. (૩) પ્રવચનપદ–પ્રવચનના આધારભૂત ચતુર્વિધ સંઘની ભકિત, વાત્સલ્ય કરવું. તેઓના ઉપર અંતરંગ બહુ પ્રેમ રાખવો. બાળ ગ્લાન વૃદ્ધ સાધુ સાધ્વીની યથાશકિત સેવા કરી તેમને ચારિત્ર ધર્મારાધનમાં મદદ કરવી (૪) આચાર્યપદ–સ્વપર મનના જાણ, આચાર્યના ગુણોએ યુકત એવા આચાર્ય મહારાજની સેવા ભકિત કરવી, તેમનું બહુમાન કરવું, વિનય કરવો, આચાર્ય પદારોહણ વખતે ઉત્સવ કરવો, તેમના નગર પ્રવેશ કરવાના પ્રસંગે યથાયોગ્ય આડંબર પૂર્વક પ્રવેશ મહોત્સવ કરવો (૫) સ્થવિરપદ, એટલે વૃદ્ધ, શાસ્ત્રમાં ત્રણ પ્રકારના વર્ણન કરેલા છે. જે મુનિ મહારાજની આઠ વર્ષની વય થએલી હોય તે વય સ્થવિર, દીક્ષા લીધે વીશ વર્ષ થયાં હોય તે પર્યાય સ્થવિર અને જે સમવાયાંગસૂત્રના અર્થ સુધીના જાણ હોય તે શ્રુત સ્થવિર, એમ ત્રણ પ્રકારના સ્થવિર (૬) ઉપાધ્યાય અથવા વાચકપદ–તપ અને સઝાયની અંદર સદા રકત, દ્વાદશાંગ અંગના જાણકાર શિષ્યને અને પોતાની પાસે ભણવા આવનાર મુનિઓને સૂત્ર અને અર્થ ભણાવે એવા ઉપાધ્યાય મહારાજ (૭) સાધુ–છઠ્ઠા સાતમા ગુણસ્થાનકે વર્તતા, કંચન કામિનીના ત્યાગી, શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગના રાગી અને પંચ મહાવ્રતો અને છઠું રાત્રિભોજન એ મહાવ્રતોના ઉપર અંતરંગ બહુ પ્રેમ રાખી દેશ કાળ અને શકિત અનુસાર સારી રીતે તેનું પાલન કરનાર મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજ. આ સાત સ્થાનકની અંતરંગ બહુ માન પૂર્વક યથાશકિત ભકિત કરવી, રહેવાને સ્થાન, ચાર પ્રકારના આહાર, વસ્ત્ર, ઔષધ પ્રમુખની યોજના કરવી. તેમનામાં રહેલા ઉત્તમ ગુણોનું કીર્તન તથા વર્ણન કરવું અને તેમના ઉપર ભકિતભાવ રાખવો. (૮) જ્ઞાન—હમેશાં જ્ઞાનનો ઉપયોગ રાખવો, પંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ સમજવું, તેમાં શ્રદ્ધા કરવી, અને જ્ઞાનાવરણીય કર્મ ખપાવવા બનતો પ્રયત્ન કરવો. (૯) દર્શન પદ–શ્રી જિનેશ્વર ભાષિત તત્વોપર પૂર્ણ શ્રદ્ધા રાખવી, શુદ્ધ દેવ, ગુરૂ, અને ધર્મનું સ્વરૂપ સમજવું, શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનો આદર કરવો, કુદેવ, કુગુરૂ અને કુધર્મનો ત્યાગ કરવો, મિથ્યાત્વનું સ્વરૂપ સમજી મિથ્યાત્વનો ત્યાગ કરવો, મિથ્યાત્વ અને મિથ્યાત્વીની પ્રશંસા ન કરવી. આઠ પ્રકારના દર્શનાચારનું પાલન કરવું (૧૦) વિનયપદ–શ્રી અરિહંતાદિ દશ જણુનો પંચ પ્રકારથી વિનય કરવો. (૧૧) આવશ્યકપદ સ્થાનક–ષટ્ આવશ્યકનું સ્વરૂપ સમજી આવશ્યક ક્રિયામાં જ્ઞાન યુકત પ્રવૃત્તિ કરવી. આ પદને ચારિત્રપદ પણ કહે છે. (૧૨) બ્રહ્મચર્યપદ–શુદ્ધ રીતે શીળ પાળવું. (૧૩) શુભધ્યાનપદ–આ પદને ક્ષણુલવ નામ પણ આપેલું છે. પ્રતિક્ષણે, પ્રતિલવે વૈરાગ્ય યુકત પ્રણામસહ સમ્યક્ ક્રિયા કરવી, પ્રમાદનો ત્યાગ કરવો, બે પ્રકારના અશુભ ધ્યાન–આર્ત અને રૌદ્રનો ત્યાગ કરી બે પ્રકારના શુભ ધ્યાન–ધર્મ અને શુકલ ધ્યાનનું સ્વરૂપ સમજી તેમાં રમણુતા કરવી. (૧૪) તપ પદ–છ બાહ્ય અને છ અભ્યંતર તપનું સ્વરૂપ સમજી તેનો આદર કરવો, નિકાચિત કર્મના બંધ પણ આ તપનું ઉત્કૃષ્ટ રીતે આરાધન કરવાથી શિથિલ થાય છે. (૧૫) દાનપદ–ત્યાગ. અભય, સુપાત્ર, અનુકંપાદાન, ઉચિત અને કીર્તિદાન એ પાંચનું સ્વરૂપ સમજી કેવળ ઉપકાર બુદ્ધિથી કંઇ પણ આશંકા વગર દાન આપવું. પ્રથમના બે દાન દેવગતિ અને પરંપરાએ મુક્તિ આપનાર છે. અનુકંપાદાન પુણ્યબંધનું કારણ છે. ( ૧૬ ) વૈયાવૃત્ય–વૈયાવચ–બાળ, ગ્લાન તપસ્વી, વિગેરે મુનિ મહારાજનો તથા પોતાથી અધિક જ્ઞાની અને ગુણી પુરૂષોનો વૈયાવચ કરવો. (૧૭) સમાધિસ્થાનપદ–દુર્ધ્યાનને છોડી ચિત્તની સ્વસ્થતા કરવી, તથા ચતુર્વિધ સંઘને સમાધિ પમાડવી, તેમની અસમાધિના કારણ દૂર કરવા. (૧૮) અભિનવજ્ઞાનપદ–હમેશાં અપૂર્વ જ્ઞાનાભ્યાસ કરવો. નવીન નવીન જ્ઞાન ગ્રહણ કરવાને અવિશ્રાંત ઉદ્યોગ કરવો. ( ૧૯) શ્રુત ભક્તિસ્થાન–શ્રુત જ્ઞાનની ભક્તિ કરવી, અર્થ સહિત શ્રુત જ્ઞાન ભણવું, લખવું, લખાવવું, શ્રુત જ્ઞાન ભણાવવું અને ભણનારાઓને સહાય કરવી. (૨૦) શ્રી તીર્થની પ્રભાવના પદસ્થાન–પ્રવચનની પ્રભાવના કરવી, તીર્થનો ઉદ્યોત કરવો–આઠ પ્રકારના પ્રભાવક શાસ્ત્રમાં વર્ણન કરેલા છે તે તે પ્રકારથી અને બીજા પણ અનેક પ્રકારથી તીર્થની જૈન શાસનની પ્રભાવના કરવી. શાસનની હેલના થાય તેવું કંઇ પણ કૃત્ય કરવું નહિ.

ઉપર પ્રમાણેના વીશ સ્થાનકોનું વિસ્તારપૂર્વક યથાર્થ સ્વરૂપ ગીતાર્થગુરૂ અને શાસ્ત્રોથી સમજીને તે પદનું આરાધન કરવાથીજ આત્માની ઉન્નતિ થઇ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વીશ સ્થાનક પદ આરાધનના અધિકારી ગૃહસ્થ અને સાધુ બન્ને છે. તેઓ દરેક પોતાના અધિકાર પ્રમાણે શક્તિ ગોપવ્યા સિવાય એ પદનું આરાધન સારી રીતે કરવાથી મનુષ્ય જન્મની સફળતા મેળવી શકે છે. અને ઉત્કૃષ્ટ રીતે આરાધન કરવાથી સર્વોત્કૃષ્ટ એવા તીર્થંકર નામકર્મના બંધનો પણ લાભ થઇ શકે છે.

આ વીશે સ્થાનક પદનું વિશેષ પ્રકારે સ્વરૂપ સમજવા માટે શાસ્ત્રોમાં જુદે જુદે ઠેકાણે અધિકાર છે, તોપણ ગુજરાતી ભાષામાં શ્રી જિનહર્ષકૃત વીશ સ્થાનકનો રાસ છે. આત્માર્થીઓને તે રાસનું કાળજીપૂર્વક વાંચન કરવાની ભલામણ છે. એ રાસમાં દરેક પદનું વિસ્તારપૂર્વક વિવેચન, તેનું આરાધન કરનારના ચરિત્રો, પ્રસંગોપાત વિવિધ પ્રકારના ઉપદેશ, આગમનું રહસ્ય સારી રીતે સમજાવેલ છે.

શ્રી પરમાત્માની ભક્તિ નિમિત્તે વીશસ્થાનકની પૂજા ભણાવવામાં આવે છે, પણ તેની અંદર રહેલા રહસ્યનું સ્વરૂપ સમજવા પૂર્વક જો એ પૂજા ભણાવવામાં આવે તો તેથી શ્રોતા અને ભણાવનાર બન્નેને વિશેષ આલ્હાદ અને કર્મનિર્જરાનું કારણ થાય તેમ છે.

જે જે મહાપુરૂષો અને બહેનો આ પદના આરાધન નિમિત્તે ઓળીઓ કરે છે, તેઓએ તો આ વીશે સ્થાનકનું સ્વરૂપ સારી રીતે સમજવાને પ્રયત્ન કરવાની જરૂર છે. એ પદના આરાધન માટે થતા તપ અને ક્રિયાની સાથે એ પદના સ્વરૂપની સમજણ માટે જેની અંદર એનું સ્વરૂપ સમજાવેલું છે તે ગ્રંથોનો અભ્યાસ અથવા વાંચન મનન કરવામાં આવશે, તો તેઓને પોતાને એટલો તો આત્માનંદ પ્રાપ્ત થશે કે તેની કંઇ કલ્પના અહિં કરી શકાતી નથી. વિશેષ ન બને તો ઉપર જણાવેલો રાસ વાંચવા ભણવા માટે જરૂર પ્રયત્ન કરવો.

આ માસીકના વીશમા વર્ષની શરૂઆતમાં આત્મકલ્યાણ સમજવા પ્રયત્ન કરવો એ આપણી દરેકની ફરજ છે. શાસ્ત્રકારોએ વીશવશાની દયાના અધિકારી મુનિમહારાજાઓને ગણેલા છે. દયા એ સર્વ ધર્મને માન્ય છે. તેમાં ભગવંત મહાવીરના શાસનના સેવકોને વધુ માન્ય છે. દયા એ ધર્મનું મૂળ છે, જયણા એ ધર્મની માતા છે. દયાનું સૂક્ષ્મ સ્વરૂપ શાસ્ત્રમાં બતાવ્યું છે; સ્વદયા, પરદયા, વ્યવહારદયા, નિશ્ચયદયા, વિગેરેનું સ્વરૂપ સમજી દયાધર્મનું આરાધન કરવું જોઇએ. તેમાં વિશેષે કરી પરદયા કરતાં સ્વદયા પાળવાને માટે દરેક જણે કટિબદ્ધ થવું એ પહેલી ફરજ છે. જેઓ સ્વદયા પાળી શકે તેઓજ પરદયા બરોબર પાળી શકે એમ જ્ઞાનીઓનું ફરમાન છે. ગૃહસ્થ ધર્મને અંગે સવાવશાની દયા પાળવાની આવે છે. એ સવાવશાની દયાનું શુદ્ધ રીતે પાલન કરનાર જ ઉત્કૃષ્ટ શ્રાવકની કોટિમાં આવી શકે છે. જૈન ધર્મના બધા વ્રતો દયા—અહિંસાના પાલન માટે જ છે. એ વાત હમેશાં લક્ષ ઉપર રાખનારજ આત્માનંદ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બની શકે છે.

શ્રુત જ્ઞાનના વીશ ભેદોનું સ્વરૂપ ગુરૂગમથી સમજી સમ્યક્શ્રુત દ્વાદશાંગી અને પીસતાલીશ આગમરૂપ વર્તમાનમાં પ્રચલિત છે, તે શ્રુતજ્ઞાનનો શાસ્ત્રમર્યાદાપૂર્વક અધિકારીએ અભ્યાસ કરવો, અને ગૃહસ્થોએ ગીતાર્થગુરૂ પાસે તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રવણ કરી તેના અર્થનું જાણુપણું કરવું એ પણ આત્માને ઉચ્ચ કોટિમાં લઇ જવાનું નિમિત્ત કારણ છે આગમના પઠન પાઠન તરફ શાસનપ્રેમીઓએ બહુ લક્ષ આપવાની જરૂર છે. બત્રીશ પ્રકારના દોષથી રહિત આઠ પ્રકારના ગુણોથી યુક્ત જિનાગમ છે, એવા પવિત્ર જિનાગમમાં કોઇપણ સ્થળે વિકારનો સંભવ નથી. માટે એવા પવિત્ર જિનાગમનો અભ્યાસ અને તેના જ્ઞાનનો વિસ્તાર એ પણ પ્રવચનની ભક્તિ અને આત્માનંદ પ્રાપ્ત કરવાને પ્રબળ નિમિત્ત કારણ છે. બત્રીશ પ્રકારના દોષ અને આઠ પ્રકારના ગુણોનું કિંચિત્ સ્વરૂપ શ્રી તત્વનિર્ણય પ્રાસાદ ગ્રંથના પૃષ્ટ ૧૩૯–૧૪૩ ઉપર પરમોપકારી મર્હુમ શ્રીમદ્ આનંદવિજયજી આચાર્ય મહારાજે આપેલું છે. ત્યાંથી જાણવાને માટે જીજ્ઞાસુ જનોએ પ્રયત્ન કરવો.

જિનાગમના પઠન–પાઠનના અધિકારી એવા મુનિ મહાત્માઓને એ માટે વિશેષ કાળ કાઢવાની નમ્ર વિનંતી છે. વર્તમાન પત્રોના વાંચન માટે અથવા પર આગમના જાણપણા માટે આચાર્યાદિ અધિકારવાળા મહાત્માઓ થોડો વખત કાઢે તો તે શાસ્ત્રીય મર્યાદાપૂર્વક છે, પણ જેઓના ઉપર સ્વઆગમનો અભ્યાસ કરવાની ફરજ છે તેઓ પોતાનો કાળ આ ખાતે બીલકુલ કાઢે નહિં અથવા ઓછો કાઢે એ સ્વ અને પર બન્નેને હિતકર્તા નથી.

ઉપરના વીશ સ્થાનક પદમાં ત્રણ પદ જ્ઞાનારાધના નિમિત્તે બતાવેલા છે. તેમાં અભિનવ જ્ઞાનપદના આરાધનનું રહસ્ય એજ છે કે દરેક જણે પોતપોતાના અધિકાર પ્રમાણે સમ્યક્ શ્રુતજ્ઞાનનો અપૂર્વ અભ્યાસ કરવોજ જોઇએ. અને એ પ્રમાણે કરવાથી જ એ પદની આરાધના થઇ શકે છે. આ વાત હમેશાં આત્મ હિતૈષીઓને પોતાના લક્ષમાં રાખવા આગ્રહપૂર્વક નમ્ર વિનંતી છે.

## વર્તમાન સમાચાર.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ તરફથી હાલમાં લેવાયેલી ધાર્મિક પરીક્ષાનું નીચે મુજબ પરિણામ આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| બાળ ધોરણ પહેલું | ૭૨ પાસ. | બાળ ધોરણ બીજું | ૫ પાસ. |
| પુરૂષ ધોરણ પહેલું | ૨ પાસ. | પુરૂષ ધોરણ ૨ જું | ૧૦ પાસ. |
| પુરૂષ ધોરણ ત્રી જું | ૨ પાસ. | પુરૂષ ધોરણ ૪ થું | ૧ પાસ. |
| પુરૂષ ધોરણ ૫ મું | ૧ પાસ. | | |
| કન્યા ધોરણ ૧ લું | ૪૬ પાસ. | કન્યા ધોરણ ૨ જું | ૧૩ પાસ. |
| સ્ત્રી ધોરણ ૧ લું | ૨૦ પાસ. | સ્ત્રી ધોરણ ૨ જું | ૩ પાસ. |
| સ્ત્રી ધોરણ ૩ જું | ૫ પાસ. | સ્ત્રી ધોરણ ૪ થું | ૨ પાસ. |
| સ્ત્રી ધોરણ ૫ મું | ૧ પાસ. | | |

નોટ—લાખોની સંખ્યાવાળી જૈન કોમમાં ધાર્મિક શિક્ષણ લેનાર બાળક–બાળકીઓની ઉપરોક્ત સંખ્યા ઘણી અલ્પ છે, તેથી તેમાં રસ લેનારની પણ ઓછી સંખ્યા હોય તે સ્વાભાવિક જણાય છે જે ખેદજનક છે. આ ઉપરથી માબાપોએ ધડો લેવાનો છે કે પોતાના એક પણ બાળક કે બાળકી ધાર્મિક શિક્ષણ લીધા વગર રહેવા નજ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીજ થોડી નકલો સિલિકે છે.

# પ્રાચીન જૈન લેખ સંગ્રહ ( ભાગ ૨ જો. )

જૈનધર્મની ઐતિહાસિક દ્રષ્ટિએ પ્રાચીનતા, ગૌરવતા, પ્રભાવશાલીતા, જણાવનાર કોઇ સાહિત્ય હોય તો પ્રથમ જૈન પ્રાચીન લેખો છે, કે જેનો એક આ અમૂલ્ય સંગ્રહ છે.

કોઇપણ ધર્મની પ્રાચીનતા જાણવા–જણાવવા માટે તામ્રલેખો શિલાલેખો; પ્રતિમા–મૂર્ત્તિ ઉપરના લેખો તે સત્ય પુરાવારૂપ છે અને તેથીજ આ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ગ્રંથ" જૈન અને જૈનેતર વિદ્વાનો, સાહિત્ય રસિકો, ઈતિહાસના પ્રેમીઓ માટે ઉપયોગી હોઇ પ્રકટ થયા પહેલાં ઘણી કોપીઓની માંગણીઓ થઇ ચુકી હતી.

આ ગ્રંથમાં શિલાલેખો અને પાષાણ પ્રતિમા ઉપરના લેખોનોજ સંગ્રહ છે. આવા લેખ સંગ્રહમાં રાજકીય, સામાજીક, ધાર્મિક આદિ અનેક મહત્વની બાબતો અને અનેક વિવિધતાઓનો ઉલ્લેખ કરાયેલ હોવાથી જૈનદર્શન એકલાનાજ નહીં પરંતુ તે તે કાળના સાર્વજનિક ઇતિહાસ માટે તે ઘણું કિંમતિ થઈ પડેલ છે.

આ સંગ્રહમાં એકંદર ૫૫૭ લેખો છે. કયા લેખો કયાંથી મળ્યા અગર લેવામાં આવ્યા, તેની સુચના તે તે લેખના અવલોકનમાં વિસ્તારથી આપવામાં આવેલ છે.

આ સંગ્રહમાં જુનામાં જુનો લેખ નંબર ૩૧૮ નો હસ્તીકુંડીનો છે, જે વિક્રમ સંવત ૯૯૬ ની શાલનો અને નવો લેખ ૧૯૦૩ ની શાલનો એટલે સમયની દ્રષ્ટિએ વિક્રમની દશમી સદીથી વીસમી સદી સુધી એટલે કે એક હજાર વર્ષના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. ટુંકામાં આ ગ્રંથ ઇતિહાસની દ્રષ્ટિએ એટલો બધો પ્રિય થઈ પડેલ છે કે, જૈનેતર વિદ્વાનોની આ ગ્રંથ છપાતા એટલી બધી માંગણી થયેલી હતી, કે હવે પછી તેની શિલિકે કોપી ઘણીજ થોડી છે. જેથી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમીયો, જૈનધર્મની પ્રાચિનતા, ગૌરવતા જાણવાના જીજ્ઞાસુઓ જલદી મંગાવી લેશે.

સદરહુ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપથી છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. શુમારે આઠશેહ પાનાનો પંચાણું ફાર-મનો મોટો ગ્રંથ છતાં માત્ર રૂા. ૩–૮–૦ સાડાત્રણ રૂપૈયા કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

—:o:—

થોડી નકલો બાકી છે, જલદી મંગાવો.

# શ્રી કુવલયમાળા–કથા.

**સંસ્કૃતના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી અને લાઇબ્રેરીના શણગાર રૂપ.**

આ સંસ્કૃત ગદ્યપદ્યાત્મક ચંપૂ ગ્રંથ જેમાં ખાસ રીતે ક્રોધ, માન, માયા, લોભ અને મોહના કટુક વિપાકને અપૂર્વ દ્રષ્ટાંતદ્વારા પ્રગટ કરનાર છે. આ ગ્રંથ સંસ્કૃતના અભ્યાસી હરકોઇને પઠન પાઠન માટે ઉપયોગી છે, શ્રીમાન્ રત્નપ્રભસૂરિની કૃતિનો આ બોધદાયક, ઉપદેશકારક, રસીક અને અભ્યાસને માટે ખાસ વાંચવા યોગ્ય છે, ઊંચા ક્રેટ્રીજ પેપરો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર ટાઇપથી છપાયેલ, ઊંચા કપડાના સુશોભિત પાકા બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, અઢીસે પાનાનો આટલો મોટો ગ્રંથ છતાં મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર દોઢ રૂપીયો રાખવામાં આવેલ છે. મળવાનું ઠેકાણું. શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરધર્મ.

" વિચાર કરતાં જણાશે કે ગરીબાઇનું ઓસડ ગરીબાઇ છે. જ્યાં દેશમાં કરોડો લોકો ભૂખમરો વેઠે છે ત્યાં તે ભૂખમરો મટાડવા માટે હજારો અને લાખો જુવાનોએ સ્વેચ્છાપૂર્વક ગરીબાઇ સ્વીકારવી જોઇએ. ધાર્મિકતાથી ગરીબાઇ ધારણ કરવી જોઇએ. અંગ્રેજી કેળવણીને લઇને આપણે આ બાબતમાં બહુજ કાયર બન્યા છીયે. માણસને જેટલો મોતનો ભય નથી, ધર્મદ્રોહ કે દેશદ્રોહનો ભય નથી એટલો ભય ગરીબાઈનો લાગે છે. જે દેશમાં સ્વેચ્છા પૂર્વક ધારણ કરેલી ગરીબાઈની પ્રતિષ્ઠા સર્વોપરી હતી, તેજ દેશમાં આજે કેળવાયલો હરેક જુવાન કાયરની પેઠે ગરીબાઈથી નાસતો ફરે છે. યુદ્ધમાં જે હજારો અને લાખો સૈનિકો દેશની ખાતર લડવા જાય છે, તે બધાજ કંઈ મહાત્મા નથી હોતા. તેમને પણ બાળબચ્ચાં હોય છે. ૧૦ કે ૧૫ રૂપિયા મેળવનાર માણસ બાળબચ્ચાં માટે શી બચત કરી શકે ? આપણે સ્ત્રીઓને અને દીકરા–દીકરીઓને આશ્રિતની દશામાં રાખવાને ટેવાયલા છીએ. તેથીજ આપણને અજ્ઞાત ભવિષ્યમાં ભૂસકો મારવાની બીક લાગે છે. રોજને રોજ મહેનત કરીને રોટલો મેળવવો અને ભવિષ્યને માટે કશી ચિંતા ન કરવી એમાં જે વીરરસ રહેલો છે, તેની મીઠાશ અનુભવ વગર ન સમજાય. સલામતી એ જીવનનો સડો છે. ભવિષ્યવિષેની સંદિગ્ધતા * * * એ જ જીવનનો સાર છે. એનો રસ જેને મળ્યો નથી તે અભાગીયો કહેવાય. જેનો ભવિષ્યકાળ સલામત છે, તેનામાં ધાર્મિકતા રહેવી બહુજ અઘરી છે. જે સલામતી ઇચ્છે છે, તે વાસ્તવિક રીતે જોતાં નાસ્તિક જ છે. બાળક જેમ માબાપ પર વિશ્વાસ રાખી નિશ્ચિંત રહે છે, તેમ વીર પુરૂષે માંગલ્ય ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. જ્યાં સલામતી છે ત્યાં પુરૂષાર્થ નથી, ધાર્મિકતા નથી, દયા નથી અને કાવ્ય નથી. જે માણસ સ્વેચ્છાપૂર્વક ગરીબાઇ સ્વીકારે છે તે વીર બની જાય છે, અન્યાયી માણસને તે કાળ જેવો લાગે છે, પીડિત લોકોને તે કૃપાનિધિ ભાસે છે, * * * * * *

* * તેનેજ ધર્મનું રહસ્ય પ્રગટ થાય છે. ગરીબાઇ એ વીરનો ખોરાક છે, ઇશ્વરનો પ્રસાદ છે અને ધર્મનો આધાર છે. આવા ગરીબો જ્યારે દેશમાં વધશે, ત્યારેજ દેશની ગરીબાઈ દૂર થશે, ભૂખમરો ટળશે, લોકોમાં હિંમત આવશે અને આજે અસત્ય જણાતી વસ્તુ શકય અને સહેલી થઇપ ડશે. "

દ. બા. કાલેલકર.

For Private And Personal Use Only